Friday
23.08.2024
✳Volume :9 ✳ Issue No.36
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત | વંદે માતરમ્ | RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✳Managing Editor: Arjun Sondarva
✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04 ✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

'યુદ્ધ, કોરોના ગમે તે સંકટ હોય, ભારત હંમેશા માનવતા માટે કામ કરે છે :પીએમ મોદી

પીએમ મોદીએ ભારતીય સમુદાયના લોકોને સંબોધતા કહ્યું કે તમે બધા પોલેન્ડના જુદા જુદા ભાગોમાંથી આવ્યા છો, દરેકની ભાષા, બોલી, ખોરાક અલગ અલગ હોય છે

કમલમ્ ન્યુઝ,નવી દિલ્હી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોલેન્ડની બે દિવસીય મુલાકાતે પહોંચ્યા છે. પીએમનું ઉષ્માભર્યું સ્વાગતકરવામાં આવ્યું હતું. તેમણે મોન્ટે કેસિનો યુદ્ધ સ્મારક નજીક વલીવર્ડ-કોલ્હાપુર શિબિરની સ્મારક તકતીપર શ્રદ્ધાંજલિ આપી, જેનું ઉદ્ઘાટન નવેમ્બર ૨૦૧૭માં થયું હતું. વડાપ્રધાન મોદીની પોલેન્ડની મુલાકાત છેલ્લા ૪૫ વર્ષમાં ભારતીય વડાપ્રધાનની પ્રથમ મુલાકાત છે. પોલેન્ડમાં તેમના રોકાણ દરમિયાન પીએમ મોદી પોલેન્ડના રાષ્ટ્રપતિ એન્ડ્રેજ સેબેસ્ટિયન દુડાને મળશે. આ સાથે તેઓ પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્ક સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે.પોલેન્ડની રાજધાની વોર્સામાં ભારતીય સમુદાયના લોકોને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે તમે બધા પોલેન્ડના જુદા જુદા ભાગોમાંથી આવ્યા છો. દરેકની ભાષા,બોલી,ખોરાકઅલગઅલગ હોય છે. પરંતુ દરેક વ્યક્તિ જોડાયેલ છે. તમે અહીં આટલું સુંદર સ્વાગત કર્યું છે. આ સ્વાગત માટે હું તમારા બધાનો, પોલેન્ડના લોકોનો ખૂબ ખૂબ આભારી છું. તમે લોકો છેલ્લા એક અઠવાડિયાથી ભારતીય મીડિયા પર પ્રભુત્વ જમાવી રહ્યા છો. પોલેન્ડના લોકોની ખૂબ ચર્ચા થઈ રહી છે. અને પોલેન્ડના વિષય પર પણ ઘણું કહેવામાં આવી રહ્યું છે. મીડિયામાં કહેવામાંઆવી રહ્યું છે કે ૪૫ વર્ષ બાદ કોઈ ભારતીય વડાપ્રધાન પોલેન્ડ આવ્યા છે. હું ઘણી સારી વસ્તુઓ કરવા માટે નસીબદાર છું. તેણે કહ્યું કે થોડા મહિના પહેલાજ હું એસ્ટ્રિયા ગયો હતો. ચાર દાયકા પછી કોઈ ભારતીય વડાપ્રધાન પણ ત્યાં પહોંચ્યા હતા. દાયકાઓથી ભારતના કોઈ વડાપ્રધાન આવા ઘણા દેશોમાં પહોંચ્યા નથી. પરંતુ

હવે સંજોગો અલગ છે. દાયકાઓ સુધીભારતની નીતિ તમામ દેશોથી સમાન અંતર જાળવી રાખવાની હતી,જ્યારે આજે ભારતની નીતિ તમામ દેશોની નજીકબનવાની છે. આજનો ભારત દરેક સાથે જોડાવા માંગે છે. આજનો ભારત દરેકના વિકાસની વાત કરે છે. આજનો ભારત સૌની સાથે છે. દરેકના કલ્યાણ વિશેવિચારે છે.અમને ગર્વ છે કે આજે વિશ્વ ભારતને વિશ્વ ભાઈ તરીકે સન્માનિત કરી રહ્યું છે.વડાપ્રધાને કહ્યું કે અમારા માટે આ રાજકારણનો મામલો નથી. તેના બદલે તે સંસ્કૃતિ વિશે છે. જેઓને કયાંય સ્થાન ન મળ્યું, ભારતેતેમને પોતાના હૃદયમાં અને દેશમાં સ્થાન આપ્યું છે. આ આપણી સંસ્કૃતિછે, જેનુંપર દરેક ભારતીયને ગર્વ છે. પોલેન્ડ તેનું ભાગીદાર રહ્યું છે.બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જ્યારે પોલેન્ડ મુશ્કેલીઓથી ઘેરાયેલુંહતું, જ્યારે પોલેન્ડની હજારો મહિલાઓ અને બાળકો આશ્રય માટે સ્થળે સ્થળે ભટકી રહ્યાહતા ત્યારેજામ સાહેબ, દિગ્વિજયસિંહરણજીતસિંહ જાડેજા જી આગળ આવ્યા. તેમણે મહિલાઓઅને બાળકો માટે ખાસ કેમ્પ બનાવ્યા હતા અને તેમણે કેમ્પની મહિલાઓઅને બાળકોને કહ્યું હતું કે જેમ જામનગરના લોકો મને બાપુકહે છેમ હું પણ તમારો બાપુ છું.-આજે મને મોન્ટે કેસિનો મેમોરિયલમાં શ્રદ્ધાંજલિ આપવાનો મોકો મળ્યો. આ સ્મારક હજારો ભારતીય સૈનિકોના બલિદાનની યાદ અપાવેછે. દુનિયાના ખૂણે ખૂણે ભારતીયોએ કેવી રીતેપોતાની ફરજ બજાવી છે તેનો આ પુરાવો છે.- ૨૧મીસદીનુ ભારતતનીવિરાસત પર ગર્વ સાથે વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે. આજે વિશ્વ ભારતને આંખોમે છે કારણ કે ભારતીયોએ વિશ્વને જે ગુણો સાબિત કર્યા છે.સહાનુભૂતિ પણ આપણા ભારતીયોની ઓળખ છે . વિશ્વના શ્રેષ્ઠપણ દેશમાંજયારે પણ સંકટ આવેછે ત્યારે ભારત પહેલો એવો દેશ છે જે મદદનો હાથ લંબાવેછે.

ભારતના રાષ્ટ્રપતિએ રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર-૨૦૨૪ એનાયત કર્યા

કમલમ્ ન્યુઝ,
ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ (૨૨ ઓગસ્ટ, ૨૦૨૪)રાષ્ટ્રપતિભવન, રાષ્ટ્રાંગત મંડપમાં આયોજિત એક એવોર્ડ સમારંભમાં રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કાર-૨૦૨૪ અર્પણ કર્યા. રાષ્ટ્રીય વિજ્ઞાન પુરસ્કારની પ્રથમ આવૃત્તિમાં, વિજ્ઞાન રત્ન, વિજ્ઞાન શ્રી, વિજ્ઞાન યુવાનેવિજ્ઞાન ટીમ - ચાર શ્રેણીઓમાં પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકોને ૩૩પુરસ્કારો એનાયત કરવામાંઆવ્યા હતા. વિજ્ઞાન અને ટેકનોલોજીના કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ યોગદાન આપનાર વૈજ્ઞાનિકોને તેમના સંબંધિત ક્ષેત્રોમાંતેમના પાથબ્રેકિંગ સંશોધન માટે આપવામાં આવ્યા હતા.

વિજ્ઞાન અને ટેકનોલોજીના કોઈપણ ક્ષેત્રમાં અસાધારણ યોગદાન આપનાર વૈજ્ઞાનિકોને માન્યતા આપવા માટે આપવામાં આવેલ વિજ્ઞાન યુવા-એસએસબી પુરસ્કાર, હિંદ મહાસાગરની ઉષ્ણતા અને તેના પરિણામો, સ્વદેશી પય બેઝ સ્ટેશનના વિકાસ અને ક્વોન્ટમ ક્રિપ્ટોનિક્સના સંચાર અને ચોકસાઈ પરીક્ષણો પરના અભ્યાસથી ફેલાયેલા ક્ષેત્રોમાં તેમના નોંધપાત્ર યોગદાન માટે ૧૮ વૈજ્ઞાનિકોને આપવામાં આવ્યા હતા.

વિજ્ઞાન અને ટેકનોલોજીના કોઈપણ ક્ષેત્રમાં અભૂતપૂર્વ સંશોધન યોગદાન આપવા માટે ૩ ટીમ તથી વધુ વૈજ્ઞાનિકોની ટીમને આપવામાં આવેલો વિજ્ઞાન ટીમ પુરસ્કાર, ચંદ્રયાન-૩ની ટીમનેચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક ચંદ્રય ન-૩ લેન્ડરના સફળ લેન્ડિંગ માટે આપવામાં આવ્યોહતો.

શહીદ વીર કિનારીવાલા યોજના હેઠળ ગત બે વર્ષમાં ૩૧ વિદ્યાર્થીઓના વાલીઓને ૩.૩૧ લાખની સહાય ચૂકવાઈ: શિક્ષણરાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા

કમલમ્ ન્યુઝ,
વિધાનસભા ગૃહ ખાતે ધારાસભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના અકસ્માતે અવસાન થાય તેવાવિદ્યાર્થીઓના વાલીઓને રાજ્ય સરકાર "શહીદ વીર કિનારીવાલા યોજના હેઠળ રૂ. ૧,૦૦,૦૦૦ નું વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્યભરમાંમૃત્યુ પામેલા ૧૪ વિદ્યાર્થીના વાલીઓને કુલ રૂ. ૧૪,૦૦,૦૦૦ તેમજ વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૭ વિદ્યાર્થીઓના વાલીઓને કુલ રૂ. ૧૭,૦૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, વિદ્યાર્થીઓ ના અકસ્માતે મૃત્યુ બાદ વાલીને અપાતી સહાયમાં રાજ્ય સરકારે કોઈપણ પ્રકારનીઆવક મર્યાદારાખીનથી. અકસ્માતથી મૃત્યુ અને કાયમી અપંગતાના કિસ્સામાં ઉપરાંત બે આંખ, બે હાથ અને બે પગ ગુમાવવાના કિસ્સામાં રૂ. ૧,૦૦,૦૦૦ જ્યારે, એક અંગ ગુમાવવાના કિસ્સામાં રૂ. ૫૦,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ યોજનાઅમલમાં આવી ત્યારે વિદ્યાર્થીના વાલીઓને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવામાં આવતી હતી, ત્યારબાદ રાજ્ય સરકારે તેમાંવધારોકરીને રકમ રૂ. ૧,૦૦,૦૦૦ કરવામાંઆવીહતી.

વ્યાજખોરો સામેનુ અભિયાન માત્ર એક–બે મહિના માટે નથી, દાનવો સામેની લાંબી લડાઈ છે: ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

- રાજ્યમાં એક પણ વ્યક્તિનો ભોગ વ્યાજનું આ દુષણ ન લે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવા રાજ્ય સરકારની પ્રતિબદ્ધ તા
- તા.૩૧મી જુલાઇ ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે માસમાં વ્યાજખોરોની વિરૂદ્ધમાં ૫૬૫ વ્યાજખોરો વિરૂધ્ધ કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,
ગુજરાતમાં વ્યાજ ખોરોની વિરૂધ્ધ કરવામાં આવેલી કાનૂની કાર્યવાહી સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા તૂંકી મુદતના પ્રશ્નોનો જવાબ આપતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષસંઘવીએ જણાવ્યુંહતું કે, રાજ્યમાં અનેક સામાન્ય, મધ્યમ તથા ગરીબ વર્ગના પરિવારોધરનો પ્રસંગોસાચવવા, બાળકોના ભાવી સુરક્ષિત કરવા ઉચ્ચ શિક્ષણ માટે કે સંતાનોને વિદેશ મોકલવા સહિતના કારણોસર ક્યારેક ઉંચા વ્યાજે ધિરાણ લઈ વ્યાજખોરોના ચક્રવ્યૂહમાંફસાઈ જાય છે. વ્યાજખોરોની ચુંગાલમાંથીબચવા પરિવારોને મુક્ત કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ વિભાગની સુચનાથી ગુજરાત પોલીસે વિશેષ ડ્રાઈવના આયોજન કર્યા હતા. આ અભિયાન માત્ર એક – બે મહિના માટે જ નથી, આ તો દાનવો સામેની લાંબી લડાઈ છે. માણસ જ્યારે વ્યાજના વિષચક્રમાં ફસાઈ જાય છે ત્યારે પોતાનાસગા-સબંધીઓને મિત્રોઅંતર રાખી લે છે, લોકો દૂર ભાગે છે. તેવા સંજોગોમાં એકમાત્ર આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિવિધ યોજનાઓ જેવી કે (૧) પ્રધાન મંત્રી મુદ્રા યોજના (૨) બાજપાઈ બેંકેબલ લોન યોજના(૩) પી.એમ.સ્વનિધિ યોજના (૪) કિસાન સાથી યોજના (૫) પસંલન લોન યોજના (૬) મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના (૭) વડાપ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્રમ (૮) દીનદયાળ ઠેગડી કારીગર વ્યાજ સહાય યોજના (૯) જયોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના (૧૦) માનવ કલ્યાણ યોજના (૧૧) ઔદ્યોગીક સહકારી મંડળીની પેકેજ યોજના હેઠળ લોકોને લોન અપાવી છે. ફકત વર્ષ-૨૦૨૩માંજે લોકો વ્યાજખોરીમાં બરબાદ થઈ ગયા છે તેવા લાચાર અસહાય લોકોને મદદ કરવા માટેજુદી જુદી બેંકોની મદદથી રાજયના ૩૮ પોલીસ જીલ્લાઓમાં લોન મેળઓનું આયોજન કરી ૨૧,૯૭૮ લોકોને ૩.૨૬ કરોડની લોન અપાવવાનું ભગીરથ કામ કરવામાં આવ્યુ છે. સમગ્ર રાજયમાં ડ્રાઇવ દરમિયાન યોજાયેલા લોક દરબાર અંગે પુછાયેલાપુરક પ્રશ્નોપ્રત્યુત્તર આપતા મંત્રીશ્રીએ કહ્યું કે, રાજયના લોકો અને પોલીસ તંત્ર વચ્ચેનું અંતર ઘટે અને મુકત મને પોતાની ફરિયાદ પોલીસ અધિકારીઓ અને તંત્ર સામે રજૂ કરે શકે તે માટે લોકદરબારનું આયોજન કરવામાંઆવેછે. વ્યાજના ધંધા સાથે સંકળાયેલા લોકોથી નાગરિકો નિર્ભય બનીને ફરીયાદ કરવા આગળ આવે અને તેમને સરકારની ધિરાણની અન્ય યોજનાઓ વિશે માહિતી મળે તેઉદેશ સાથે આ કાર્યક્રમોયોજાય છે. તા.૨૧/૦૬/૨૦૨૪ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીની વ્યાજખોરો વિરુધ્ધની ઝુંબેશ દરમ્યાન સમગ્ર રાજયમાં કુલ-૧૬૪૮ લોકદરબારો યોજવામાં આવ્યા હતા. જેમાં ૭૪,૮૪૮ લોકો હાજર રહ્યા હતા.

કેન્દ્રિય નાણામંત્રીશ્રી નિર્મલા સીતારમનના હસ્તે વલસાડના ઇકમટેક્સ ઓફિસરને એવોર્ડ એનાયત

રાષ્ટ્રિય કક્ષાએ ગુજરાતમાંથી એક માત્ર વલસાડના અધિકારીની પસંદગી થતા ખુશીની લહેર પ્રસરી

૫૩ વર્ષ જુની રૂ. ૧૦ કરોડથી વધુની વસૂલાત વ્યાજ સાથે કરી ઉત્કૃષ્ટ ફરજ બજાવી હતી

કમલમ્ ન્યુઝ,વલસાડ
ભારતીય ઈકમટેક્સવિભાગને ૧૬૫ વર્ષપૂરા થયા છે. વિભાગમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ દેશના ૨૯અધિકારીઓનું નાણામંત્રીનિર્મલા સિતારમનના હસ્તે રાષ્ટ્રિય કક્ષાએ દિલ્હી ખાતે સન્માન કરવામાં આવ્યું હતુ.જેમા ગુજરાતના એક માત્રઅધિકારી તરીકે વલસાડ ઈકમ ટેક્સ ઓફિસર ધર્મેન્દ્ર (૫ર્મેશ) ટેકવાણીનું સર્ટિફિકેટ ઓફ એકસેલન્સઢાકા સન્માન કરાયું છે. જેના પગલે સમગ્ર વલસાડ સાથે ગુજરાત ઈકમટેક્સવિભાગમાં ખુશીની લહેર ફરી વળી હતી. ઈકમટેક્સવિભાગમાં શ્રેષ્ઠ કામગીરી બદલ દર વર્ષે શ્રેષ્ઠ કામગીરી કરનારા અધિકારીઓની પસંદગીથતી હોય છે. આ વર્ષે ગુજરાતમાં એક માત્ર અધિકારીની પસંદગી થઈ હતી. જેમાં વલસાડના ઈકમટેક્સ ઓફિસર ધર્મેન્દ્ર ટેકવાણીનીપસંદગી થઈહતી. તેમના દ્વારા વલસાડ અને દમણના ઈકમટેક્સ અધિકારી તરીકે વર્ષ ૧૯૭૦-૭૧ અને વર્ષ ૧૯૭૧-૭૨ના વર્ષની જૂની ડિમાન્ડની વસૂલાત થઈ હતી. આ વસૂલાત રૂ. ૧૦ કરોડ થી વધુની હતી. જેમાં મોટું વ્યાજ અને પેનલ્ટીસમેલ હતી. ૫૩ વર્ષજૂની વ્યાજ સાથેની વસૂલાત કરવાબદલ તેમની રાષ્ટ્રિય કક્ષાએ પસંદગી થવા પામી છે. રાષ્ટ્રિય કક્ષાએ એવોર્ડ મેળવનાર ઈકમટેક્સ અધિકારી ધર્મેન્દ્ર (ધર્મેશ) ટેકવાણી હાલસેલવાસ ઈકમટેક્સવિભાગનો હવાલો સંભાળી રહ્યા છે. તેમની આસિદ્ધિ બદલ વલસાડ જ નહી, પરંતુ સમગ્ર ગુજરાત અને સંઘ પ્રદેશ દમણ અને સેલવાસના અધિકારીઓમાં પોતાના કામ પ્રત્યે ઉત્સાહની લાગણી જન્મી છે.

પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઇ બેરા દ્વારા રજૂકરાયેલ પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ-૨૦૨૪ અંગેનો પ્રસ્તાવ વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરાયો

કમલમ્ ન્યુઝ,
ગુજરાત વિધાનસભા ગૃહ દ્વારા ભારતના સંવિધાનના અનુચ્છેદ-૨૫૨થીમળેલીસત્તાની રૂએ સંસદે પસાર કરેલ પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) સુધારાઅધિનિયમ-૨૦૨૪ (સન ૨૦૨૪નો ક્રમાંક: ૫) સ્વીકારવા માટે આજે તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. આ સુધારા અધિનિયમ ઉદ્દેશ મુળ અધિનિયમ "પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ-૧૯૭૪ " (સન ૧૯૭૪ ના છઠ્ઠા) ની જોગવાઇઓને બિન-ગુનાહિત કરવાનો છે. જેથી કરીને રાજ્યમાં કામકાજ સરળ બને અને રાજ્ય પ્રદુષણ નિયંત્રણ બોર્ડનો અધ્યક્ષની નામનિયુક્તિનીપ્રકીયાસરળ બને. પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરા દ્વારા રજૂ કરાયેલ ગુજરાત વિધાનસભા ગૃહ દ્વારા સ્વીકારવામાં આવેલ પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ-૨૦૨૪ (સન ૨૦૨૪નો ક્રમાંક:૫)ની મુખ્ય વિગતો આ મુજબ છે. રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષની નિયુક્તિ કેન્દ્ર સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવનાર માર્ગદર્શિકા મુજબ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે અને તેમની સેવાના નિયમો અને શરતો કેન્દ્ર સરકાર દ્વારા માર્ગદર્શિકામાં નિર્ધારિત કરવામાં આવશે. કેન્દ્ર સરકાર સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડસાથે પરામર્શકરીને, સત્તાવાર ગેઝેટમાં નોટિફિકેશન દ્વારા, ઔદ્યોગિક પ્લાન્ટ સની અમુક શ્રેણીઓને કન્સેન્ટ મેળવવાની જોગવાઈઓમાંથી મુક્તિઆપી શકે છે તથા કેન્દ્ર સરકાર સેન્ટ્રલ બોર્ડ સાથે પરામર્શ કરીને, કન્સેન્ટ અરજીના સમયબદ્ધનિકાલ અથવા માન્ય તાના સમય ગાળા સહિત કોઈપણ ઉદ્યોગની સ્થાપના માટે કોઈપણ રાજ્ય બોર્ડ દ્વારા સંમતિ આપવા, ઈનકાર અથવારદ કરવા સંબંધિત બાબતો પર માર્ગદર્શિકા જારી કરી શકે છે. પાણી અધિનિયમ ૧૯૭૪ની કલમ ૨૦, ૩૨, ૩૩એ,૨૪,૨૫,૨૬ અને અન્યકોઈ પણજોગવાઈનુ ઉલ્લંઘન કરે તો પાણી સુધારો અધિનિયમ, ૨૦૨૪ની કલમ ૪૧, ૪૧એ, ૪૨, ૪૩, ૪૪ અને ૪૫એ હેઠળ તેના માટે રૂ. ૧૦હજાર થીરૂ. ૧૫ લાખ સુધીના દંડીરકમ નિર્ધારિત કરેલ છે અને જો કોઈ, વ્યક્તિ, ઉલ્લંઘન અથવાપાલન નકરે, જ્યાં સુધીઆપ્રકારનું ઉલ્લંઘન ચાલુ રહે ત્યાં સુધીદરરોજ રૂ. ૧૦ હજારનો વધારાનો દંડ નિર્ધારિત કરેલ છે. ભારત સરકાર દ્વારા નિર્ધારિત કરવાના હેતુ માટે એક અથવા વધુ અધિકારી જે ભારત સરકારના સંયુકત સચિવ અથવા રાજ્ય સરકારના સચિવના હોદ્દાથી નીચે ન હોય તવા નિણાયક અધિકારીઓની નિમણુક કરી શકે છે. નિણાયક અધિકારીઓ પુરાવા માટે વ્યક્તિઓને બોલાવી શકે છે અને સંબંધિત અધિનિય મોના ઉલ્લંઘનની તપાસહાથ ધરીશકેછે. જે વ્યકિતઓનિણાયક અધિકારી/ ઓથોરિટી દ્વારા પસાર કરાયેલા આદેશથી નારાજ હોય તે માટે અપીલની પદ્ધતિઓનો ઉલ્લેખ કરે છે. કેન્દ્ર સરકાર,પર્યાવરણ સુરક્ષા ફંડ તરીકે આંળખાતુંફંડસ્થાપી શકે છે. આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ જ્યાં નિણાયક અધિકારી દંડ અથવા વધારાનો દંડ લાદે છે આવા દંડની રકમ ઈચીએ ૮દની કલમ ૧૬ હેઠળ સ્થાપનાર પર્યાવરણીય સંરક્ષણ બંડોળમાં જમા કરવામાં આવશે. પાણી અધિનિયમ ૧૯૭૪ની કલમ ૨૫ અથવા કલમ ૨૬ (કન્સેન્ટની લગતી) ની જો ગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો પાણી સુધારો અધિનિયમ, ૨૦૨૪ની કલમ ૪૫ ઈ હેઠળ દોઢ વર્ષથી લઈ સાત વર્ષ સુધીની કેદની સજા અને દંડની જોગવાઈ કરેલ છે. આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ લાદવામાં આવેલ દંડ અથવા વધારાનો દંડ ૯૦ દિવસની અંદર કોઈપણ વ્યક્તિચૂકવવામાંનિષ્ફળ જાય, તોતેને ત્રણ વર્ષસુધીની મુદત માટે કેદની સજા અથવા દંડની બમણી રકમ અથવા તેથીવધુ દંડની રકમ લાદવામાં આવે અથવા બંને ની જોગવાઈકરાઈછે. જોકેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકારનો કોઈપણ વિભાગ પાણી અધિનિયમ ૧૯૭૪ની કોઈપણ જોગવાઈનું ઉલ્લંઘન કરે તો વિભાગના વડા અથવા કોઈપણ જવાબદાર હોય તેવા અધિકારી જવાબદાર રહેશે અને તેના એક મહિનાના બેઝિક પગારના જેટલો દંડ ચૂકવવો માટે જવાબદાર રહેશે. નિણાયક અધિકારી અથવા તેમના વતી અધિકૃત કોઈપણ અધિકારી દ્વારા પાણી અધિનિયમ ૧૯૭૪ની હેઠળના ગુના માટે કોર્ટમાફરીયાદ કરી શકશે. પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) સુધારા અધિનિયમ-૨૦૨૪ અંગેના પ્રસ્તાવને આજે વિધાન સભા ગૃહમાં સર્વાનુમતે પસાર કરાયો હતો.

તંત્રી સ્થાનેથી......

હાલમાં ચાલુ ખરીફ-૨૦૨૪ સિઝનમાં સંયુકત ખેતી નિયામક (વિ.) વડોદરા વિભાગ હેઠળના વડોદરા, છોટાઉદેપુર, ભરુચ, નર્મદા, પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લામાં સબસીડાઇઝ રાસાયણીક ખાતર ખાસ કરીને નિમ કોટેડ યુરીયાની ખેડુતોમાં વધુ માંગ રહે છે. જે માટે અત્રેથી તમામ ખાતર ઉત્પાદક કંપનીના પ્રતિનિધીઓ, ગુજરાત એગ્રો અને ગુજકોમાસોલના પ્રતિનિધીઓ સાથે મીટીંગ કરી ખરીફ ઋતુમાં થયેલ વાવેતરની સાપેક્ષમાં જરુરીયાત મુજબનો જથ્થો અંતરીયાળ ગામો સહીતના તમામ ખેડુતોને સમયસર પુરતો જથ્થો નિયત ભાવે મળી રહે તેવુ આયોજન કરવામાં આવ્યો છે. તા.૨૨.૮.૨૦૨૪ની સ્થિતિએ જિલ્લાવાર વડોદરા જિલ્લામાં ૨૫૦૦ મે.ટન, છોટાઉદેપુર જિલ્લામાં ૩૫૬૧ મે.ટન, ભરુચ જિલ્લામાં ૪૫૭૭.૨૭૫ મે.ટન, નર્મદા જિલ્લામાં ૧૧૩૮.૪૦૪ મે.ટન, પંચમહાલ જિલ્લામાં ૫૮૧૧.૮૪૫ મે.ટન, મહીસાગર જિલ્લામાં ૨૦૨૧ મે.ટન, દાહોદ જિલ્લામાં ૧૮૩૩.૬૫ મે.ટન યુરીયા ખાતરનો જથ્થો ઉપલબ્ધ છે. અને આગામી બે દીવસમાં વડોદરામાં ઇફકો અને ક્રિભકો ખાતરની બે રેકનું આયોજન છે. જેમાથી વડોદરા જિલ્લાને અંદાજીત ૨૦૦૦ મે.ટન અને છોટાઉદેપુર જિલ્લાને અંદાજિત ૧૫૦૦ મે.ટન યુરીયા આપવાનુ આયોજન છે. જેથી તમામ ખેડુત સમુદાયને જણાવવાનું કે યુરીયા ખાતરનો બિનજરુરી સંગ્રહ ન કરી જરુરીયાત મુજબ જ કાર્યક્ષમ ઉપયોગ થાય તે મુજબ ખરીદી કરવા અનુરોધ કરવામાં આવે છે. ચાલુ વર્ષે આત્મનિર્ભર કૃષિ અને આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ સ્વદેશી અને બિન સબસીડીવાળુ નેનો યુરીયા પ્રવાહી ખાતર ગુજરાત સરકારશ્રીના કૃષિવિભાગના ખેતી નિયામક, કૃષિભવન દ્વારા નેનો યુરીયા પ્રવાહી ખાતરમાં ૫૦% સહાયથી વિતરણ કરવાની યોજના અમલમાં છે. જેનો ખેડુતોને મહતમ લાભ લેવા વિનંતી છે. ઈફકો દ્વારા મળેલ માહીતી મુજબ નેનો યુરીયાના ઉપયોગથી પાકની ગુણવતા અને ઉત્પાદન વધે છે, નિમ કોટેડ દાણાદાર યુરીયા કરતા સસ્તુ છે. જે જમીન, હવા અને પાણીનું પ્રદુષણ ઘટાડી જિવાત અને રોગના ઉપદ્રવને પણ ઘટાડે છે. જૈવ-સલામત અને પર્યાવરણ માટે મૈત્રીપુર્ણ છે તેમજ સંગ્રહ અને પરીવહનમાં સરળ છે. આ વિગતોને ધ્યાને લઈ તમામ ખેડુત સમુદાયને જણાવવાનું કે તમારા ખેતરના ખરીફ ઋતુના ઉભા પાકમાં નાઈટ્રોજન પુર્તી ખાતરનો એક ડોઝ નેનો યુરીયા થકી આપવા અનુરોધ છે.

આહવા તાલુકાના લીંગા કલસ્ટરમાં સમાવિષ્ટ લહાન દબાસ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઈ

કમલમ્ ન્યુઝ, આહવા

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુ ને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યના તમામ જિલ્લાઓમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજ આપવામાં આવી રહી છે.

ત્યારે દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ડાંગ પણ, પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા અને વધુને વધુ ખેડુતો પ્રાકૃતિક કૃષિથી અવગત થાય તે માટે, વિવિધ તાલુકાઓના કલસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપવામાં આવી રહી છે. ગત તારીખ ૭ ઓગસ્ટના રોજ ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાના લીંગા કલસ્ટરમાં સમાવિષ્ટ લહાનદબાસ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઈ હતી. જેમાં કુલ-૨૫ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં માસ્ટર ટ્રેનર શ્રી પ્રકાશભાઈ, અને શ્રી પંકજભાઈ દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. તેમજ તમામ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં.

બારડોલી સંસદીય મતવિસ્તારમાં ESIC હોસ્પિટલ શરૂ કરવાની કેન્દ્ર સરકારને રજૂઆત કરતા સાંસદ પ્રભુભાઈ વસાવા

ESIC હોસ્પિટલના નિર્માણથી સ્થાનિક લોકો, કામદારો અને જરૂરિયાતમંદ દર્દીઓને યોગ્ય તબીબી સુવિધા સરળતાથી ઉપલબ્ધ થશેઃ સાંસદ પ્રભુભાઈ વસાવા

કમલમ્ ન્યુઝ,

૨૩-બારડોલી સંસદીય મતવિસ્તારમાં ESIC હોસ્પિટલ શરૂ કરવા બારડોલીના સાંસદશ્રી પ્રભુભાઈ વસાવાએ કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાને પત્ર લખી રજૂઆત કરી છે. સાંસદશ્રીએ પત્ર મારફતે મંત્રીશ્રીને અનુરોધ કરતા કહ્યું છે કે, ૨૩-બારડોલી મતવિસ્તારમાં મર્યાદિત તબીબી સુવિધાઓના કારણે સ્થાનિક નાગરિકોને સારવાર મેળવવામાં મુશ્કેલી અનુભવવી પડે છે. ખાસ કરીને કામદાર વર્ગ, જેઓ ESIC (કર્મચારીઓની રાજ્ય વીમા નિગમ) યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે, તેમને તબીબી સુવિધાઓ માટે લાંબા અંતર સુધી જવું પડે છે. આ વિસ્તારમાં એક પણ ESIC હોસ્પિટલ ન હોવાથી અહીં ૨૦૦ થી ૩૦૦ બેડની ESIC હોસ્પિટલ બનાવવાની ખૂબ જ જરૂર છે. જેથી આ વિસ્તારમાં ESIC હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવે તો સ્થાનિક લોકો, કામદારો અને જરૂરિયાતમંદ દર્દીઓને યોગ્ય તબીબી સુવિધા સરળતાથી ઉપલબ્ધ થશે એમ પત્રમાં સાંસદશ્રીએ શ્રમમંત્રીને અનુરોધ કર્યો છે.

ભારત સરકારના એનિમલ વેલફેર બોર્ડ દ્વારા 'રાષ્ટ્રીય જીવદયા પરિવર્તન યાત્રા'નું આયોજન

'રાષ્ટ્રીય જીવદયા પરિવર્તન યાત્રા' ગાય આશ્રયસ્થાનો, પાંજરાપોળ વિશે જાણવા અને સમજવા અને વન્ય પ્રાણીઓને આશ્રય આપવા માટે કરવામાં આવી છે : ડો. ગીરીશભાઈ શાહ

કમલમ્ ન્યુઝ,

સમસ્ત મહાજન અને ભારત સરકારના એનિમલ વેલ્ફેર બોર્ડના સહયોગથી ધર્મજ (ગુજરાત) અને પિંડવાડા (રાજસ્થાન) સુધી તા. ૨૩થી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન ડો. ગીરીશભાઈ શાહના માર્ગદર્શન હેઠળ 'રાષ્ટ્રીય જીવદયા પરિવર્તન યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ રાજ્યોમાંથી ૫૦૦ જેટલી ગૌશાળા-પાંજરાપોળો-જીવદયા સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે ઉપરાંત ગુજરાત અને રાજસ્થાનના વિવિધ શહેરોમાં પશુપાલન અને પર્યાવરણ પર આંતરરાષ્ટ્રીય પરિસંવાદોનું આયોજન પણ કરાશે. આજ રોજ અમદાવાદ ખાતે ભારત સરકારના એનિમલ વેલફેર બોર્ડ 'રાષ્ટ્રીય જીવદયા પરિવર્તન યાત્રા' પર પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત સરકારના એનિમલ વેલફેર બોર્ડ અને રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા સંસ્થા સમસ્ત મહાજનના મેનેજિંગ ટ્રસ્ટી અને સભ્ય ડૉ. ગિરીશ જયંતિલાલ શાહે જણાવ્યું કે 'રાષ્ટ્રીય જીવદયા પરિવર્તન યાત્રા' ગાય આશ્રયસ્થાનો, પાંજરાપોળ વિશે જાણવા અને સમજવા અને વન્ય પ્રાણીઓને આશ્રય આપવા માટે કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે વૈશ્વિક સ્તરે જળ, લોકો, જમીન, જંગલો, પ્રાણીઓની સેવામાં કાર્યરત તમામ મંડળોની પ્રવૃતિઓમાં મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, બચાવ કાર્ય, ગાય આશ્રયસ્થાનો અને પાંજરાપોળને સહાય પૂરી પાડવી અને તેમને આત્મનિર્ભર બનાવવાનો સમાવેશ થાય છે. ખેતી, પાણી સંગ્રહ, વિવિધ સેવાઓમાં જીવનદયા રથ, ભોજન રથ, સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી આફતો વખતે તાત્કાલિક સહાય, પશુઓની કતલ અને બલિદાન અટકાવવા, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જીવન બચાવવા, ગાય સેવા, માનવ સેવા વગેરેનો સમાવેશ થાય છે. શ્રી શાહે જણાવ્યું કે યાત્રા દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ગૌ સેવા પ્રવૃતિના અખિલ ભારતીય ગૌસેવા સંયોજક અજીત પ્રસાદ મહાપાત્રા, અખિલ ભારતીય પર્યાવરણ પ્રવૃતિ સંયોજક ગોપાલ આર્ય, અખિલ ભારતીય ગૌસેવા સંયોજક નવલ કિશોરજી, અખિલ ભારતીય ગૌ સેવા ક્ષેત્ર સંયોજક સુનિલ વિદ્વાંશ, ગુજરાતના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ, ભારત સરકારના પશુપાલન મંત્રાલય, પશુ કલ્યાણ બોર્ડ, વિવિધ રાજ્યોના ગાય સેવા આયોગ અને રાજ્ય પશુ કલ્યાણ બોર્ડ વગેરેના અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. જેમાં વિવિધ રાજ્યોમાંથી ૫૦૦ જેટલી ગૌશાળાઓ-પાંજરાપોળો જીવદયા સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. ગુજરાતના જીવદયાપ્રેમી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અંગે પોતાની શુભેચ્છા પાઠવી છે. ૨૩મી ઓગસ્ટે યાત્રા દરમિયાન ૧૪૬ એકર જમીનમાં ઘાસ ઉગાડીને ગામના પશુધનને કેવી રીતે ખવડાવવું, ૬૦૦૦ પશુઓને ગ્રામ પંચાયત તરફથી મૂળભૂત ભાવે ઘાસ મળશે, દર વર્ષે રૂ. ૫૦ લાખ વગેરેની આવક અને ૧૭૦૦૦ આમલી, આમળા અને આંબાના વૃક્ષોની મીટીંગ અને અમદાવાદમાં ૭૦૦ ગીર ગાયો રહેતી બંસી ગીર ગૌશાળામાં સાંજે ૫ થી ૯ દરમિયાન એક શૈક્ષણિક વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. વિરમગામ ખાતે ૨૪મી ઓગસ્ટે સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી ૪ તળાવો, ૫૦૦૦ વૃક્ષો, ૨૭૦૦ પશુઓ અને ૧૨૦૦ એકર ગૌચર જમીનની મુલાકાત અને બનાસકાંઠા જિલ્લાના ભાભર ખાતે બપોરે ૩ થી ૭ વાગ્યા સુધી ૧૧૦૦૦ ગાયો સાથે વૈજ્ઞાનિક નમૂનાની મુલાકાત બાની જલારામ ગૌશાળા, ૨૫ ઓગસ્ટના રોજ સવારે ૯ થી બપોરે ૧૨ વાગ્યા સુધી પવાપુરીમાં ૬૦૦૦ ગાયો અને ૧ લાખ વૃક્ષોની સુંદર વ્યવસ્થા સાથેની ગૌશાળાની મુલાકાત લઈ પિંડવાડામાં વૈજ્ઞાનિક રીતે બનાવવામાં આવેલ સુવિધાયુક્ત ગૌશાળાનું નિરીક્ષણ કરવાનું આયોજન છે. જેમાં ગુજરાત અને રાજસ્થાનના વિવિધ શહેરોમાં પશુપાલન અને પર્યાવરણ અંગેના આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવશે. આ સાથે ગાયના આશ્રય સ્થાનોનું સ્વનિર્ભરતા તરફ રૂપાંતર, ગાય આધારિત સંસ્કૃતિની પુનઃસ્થાપના, પશુ વિકાસ, ગાય આધારિત ખેતી, આરોગ્ય અને પર્યાવરણ અંગે જનજાગૃતિ, ગાયના ઉછેર અંગે વિવિધ કાયદાઓનું નિર્માણ, પશુઓ પ્રત્યે દયા અને હાલના કાયદાઓ વગેરેનો સમાવેશ થાય છે. ગાય સંવર્ધનનું કડક અમલીકરણ, ગૌશાળા-પાંજરાપોળોની પાયાની સુવિધાઓનું નિર્માણ, પશુ-પક્ષીઓના આરોગ્યની સુરક્ષા, રાસાયણિક જંતુનાશક દવાઓના ઉપયોગ પર પ્રતિબંધ, ભારતમાં ૬.૫૦ લાખ ગ્રામ ગૌચરનો વિકાસ, દેશી વૃક્ષોનું વાવેતર વધારવું, પરિણામલક્ષી અભિગમો જળ સંરક્ષણ, લાગણી અને વિજ્ઞાનનું સંકલન, પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે માનવીઓમાં વધુ કરુણા કેળવવી, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધતા, પાક સંરક્ષણ માટે અહિંસક સ્વદેશી ઉપાયો, શાકાહારનો પ્રચાર વગેરે સહિતના તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. યાત્રામાં જોડાવા માટે વ્યક્તિ દીઠ નોંધણી ફી રૂ. ૧૦૦૦ જેમાં ત્રણ દિવસ માટે રહેવા અને ભોજનનો સમાવેશ થાય છે. દરેક વ્યક્તિએ પોતાના વાહનની વ્યવસ્થા કરવાની રહેશે. સંસ્થા દ્વારા કરાયેલી બસ વ્યવસ્થાનો લાભ મેળવવો હોય તો રૂ.૧૦૦૦/- અલગથી ચૂકવવાના રહેશે. બસ બરોડા અથવા અમદાવાદથી દોડશે. આ બંને રકમ અલગ-અલગ ચૂકવવાની રહેશે. ગાય હંમેશા ભારતની સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ રહી છે. 'રાષ્ટ્રીય જીવદયા પરિવર્તન યાત્રા' એક ઐતિહાસિક પ્રયાસ છે જેમાં ગાય-કેન્દ્રિત અને ગાય આધારિત ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ ક્ષેત્રના સેંકડો લોકો ભાગ લેશે. આ 'રાષ્ટ્રીય જીવદયા પરિવર્તન યાત્રા'માં ગાય આધારિત ઉત્પાદનો સહિત શેમ્પૂ, ગાયના પંચગવ્યમાંથી બનેલા સાબુ અને ગૌમૂત્રમાંથી બનેલા સૌંદર્ય પ્રસાધનો અને દવાઓ વિશે જ્ઞાન અને સમજ આપવામાં આવશે. વધુ માહિતી માટે ભારત સરકારના પશુ કલ્યાણ બોર્ડના સભ્ય ડૉ. ગિરીશ શાહ (મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬), મિત્તલ ખેતાણી, માનદ સલાહકાર સમિતિના સભ્ય, પશુપાલન મંત્રાલય, ભારત સરકાર (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯), દેવેન્દ્ર જૈન (મો. ૯૮૨૫૧ ૨૯૧૧૧), ડૉ. આર. બી. ચૌધરી (મો. ૮૬૧૦૮ ૩૭૦૭૯)નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

મોરબીના હળવદ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ખેડૂતોને માર્ગદર્શન અપાયું

હળવદ-મોરબી એફ.પી.ઓ. દ્વારા પ્રાકૃતિક કૃષિની પેદાશના સ્ટોરનો આરંભ કરાયો

તાલુકા અને જિલ્લા કક્ષાના એવોર્ડ વિજેતા ખેડૂતને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા

કમલમ્ ન્યુઝ, મોરબી

આત્મા પ્રોજેક્ટ મોરબી દ્વારા ગુજરાત પ્રાકૃતિક કૃષિ બોર્ડ અંતર્ગત હળવદ શિશુ મંદિર ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં શ્રીપ્રભુચરણ દાસજી, કવાડિયા આશ્રમ દ્વારા પ્રાકૃતિક કૃષિ અને ગૌમાતાનું આપણા જીવનમાં મહત્વ વિશે માહિતી આપી હતી. ત્યારબાદ શ્રી ભક્તિનંદન સ્વામી, જુનું મંદિર ટાવર -હળવદ દ્વારા કાર્યક્રમને અનુરૂપ પ્રાકૃતિક કૃષિ વિશે ખેડૂતોને માહિતી આપી હતી.

શ્રી અચ્યુતભાઈ પટેલ અને જયેશભાઈ દ્વારા પ્રાકૃતિક કૃષિનાં એફ.પી.ઓ વિષે માહિતી આપી હતી તેમજ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ કરતા થાય અને એફ.પી.ઓ સાથે જોડાય તેવી અપીલ પણ તેમણે કરી હતી. એફ.પી.ઓ. દ્વારા કરવામાં આવતી કામગીરી વિશે ઊંડાણ પૂર્વક માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હળવદ-મોરબી એસ.પી.એન.એફ. (એફ.પી.ઓ.) દ્વારા પ્રાકૃતિક કૃષિની પેદાશના સ્ટોરનું મહાનુભાવોના હસ્તે ઉદ્‌ઘાટન કરી શુભારંભ કરવામાં આવ્યો હતો. હળવદની જનતાને પ્રાકૃતિક કૃષિની પેદાશો મળી રહે તેમજ ઝેર મુક્ત ખોરાક મેળવી શકે તેવા ઉદેશ્યથી આરંભ કરવામાં આવેલા આ સ્ટોલનો સૌએ લાભ લેવા પણ અપીલ કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા તાલુકા અને જિલ્લા કક્ષાના એવોર્ડ વિજેતા ખેડૂતને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનાં અંતમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી હિમાંશુ ઉશદડીયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

PMEGP એકમોની પ્રત્યક્ષ ચકાસણી માટે KVIC અને પોસ્ટ વિભાગ વચ્ચે મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU)

પ્રધાનમંત્રીના વિઝન મુજબ, KVIC 'સરકારથી સરકાર'ની કાર્ય સંસ્કૃતિને પ્રોત્સાહન આપી રહ્યું છે, KVICના અધ્યક્ષ શ્રી મનોજ કુમારે જણાવ્યું

KVIC, રાજઘાટ નવી દિલ્હી કાર્યાલય ખાતે બંને વિભાગના અધિકારીઓ દ્વારા એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે, ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (KVIC), સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MSME) એ સંચાર મંત્રાલય હેઠળ કાર્યરત પોસ્ટ વિભાગ સાથે KVIC, રાજઘાટ નવી દિલ્હી ઓફિસ ખાતે મંગળવારે એક મહત્વપૂર્ણ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા. આ અંતર્ગત, દેશભરમાં કાર્યરત ટપાલ વિભાગના કર્મચારીઓ પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (PMEGP) હેઠળ દેશભરમાં સ્થાપિત થઈ રહેલા નવા એકમોની પ્રત્યક્ષ ચકાસણી કરશે. KVIC પોસ્ટલ વિભાગના કર્મચારીઓને પ્રત્યક્ષ ચકાસણી માટે તાલીમ પણ આપશે. કેવીઆઈસીના ચેરમેન શ્રી મનોજ કુમાર, જેટી સેક્રેટરી, એમએસએમઈ શ્રી વિપુલ ગોયલ, સીઈઓ શ્રી વાત્સલ્ય સક્સેના અને જનરલ મેનેજર, પોસ્ટ વિભાગ, સુશ્રી મનીષા બંસલ બાદલની ઉપસ્થિતિમાં આ એમઓયુ પર ડેપ્યુટી જનરલ મેનેજર, ડો. અમનપ્રીત સિંઘ અને કેવીઆઈસી વતી પીએમઈજીપીના ડેપ્યુટી સીઈઓ શ્રી રાજન બાબુએ હસ્તાક્ષર કર્યા હતા. તેના માધ્યમથી કેવીઆઈસીને દેશભરમાં ફેલાયેલી ૧,૬૫,૦૦૦ પોસ્ટ ઓફિસની સેવાઓનો લાભ મળશે, જેમાંથી ૧૩૯,૦૬૭ ગ્રામીણ વિસ્તારોમાં કામ કરી રહી છે. આ પ્રસંગે કેવીઆઈસીના ચેરમેન શ્રી મનોજ કુમારે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝન મુજબ કેવીઆઈસીએ બંને સરકારી વિભાગો વચ્ચે સહકારી કાર્ય સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા ટપાલ વિભાગ સાથે આ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે, આના માધ્યમથી કેવીઆઈસીને દેશભરમાં ફેલાયેલા પોસ્ટલ ડિપાર્ટમેન્ટના ૧૫૦ વર્ષથી વધુ જૂના કોમ્યુનિકેશન નેટવર્કનો લાભ મળશે. આના દ્વારા પીએમઈજીપી એકમોના ફિઝિકલ વેરિફિકેશનની સાથે માર્જિન મની સબસિડીનું પણ ઝડપી ગતિએ સમાધાન કરવામાં આવશે. કેવીઆઈસીના અધ્યક્ષે કહ્યું કે પીએમઈજીપીએ દેશભરમાં ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપ્યું છે અને રોજગારની નવી તકો ઉભી કરી છે. આ યોજનાની શરૂઆતથી પીએમઈજીપીએ ૯.૬૯ લાખથી વધારે નવા પ્રોજેક્ટ્સની સ્થાપનાને ટેકો આપ્યો છે અને ૮૪.૬૪ લાખથી વધુ ઉદ્યોગસાહસિકો માટે રોજગારીનું સર્જન કર્યું છે. ૬૯૦૨૧.૨૯ કરોડની લોન સામે અત્યાર સુધીમાં આ યોજના દ્વારા ૨૫૫૬૩.૪૪ કરોડ રૂપિયાની માર્જિન મની સબસિડી વહેંચવામાં આવી છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં જ પીએમઈજીપીએ ૯.૮૦ લાખથી વધુ ઉદ્યોગસાહસિકો માટે રોજગારીનું સર્જન કર્યું છે અને રૂ.૩૦૯૩ કરોડથી વધુની માર્જિન મની સબસિડી વહેંચી છે. કેવીઆઈસીના અધ્યક્ષે વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લાં ૧૦ વર્ષમાં પૂજ્ય બાપુનો વારસો ખાદી એક વિકસિત ભારતની ગેરન્ટી બની ગઈ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અને એમએસએમઈ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં સૌપ્રથમવાર ખાદી અને ગ્રામોદ્યોગનું ટર્નઓવર ૧ લાખ ૫૫ હજાર કરોડના આંકડાને પાર કરી ગયું છે. પ્રધાનમંત્રીના બ્રાન્ડ પાવરને કારણે ખાદી અને ગ્રામોદ્યોગના ઉત્પાદનોના વેચાણમાં પાંચ ગણો વધારો થયો છે અને છેલ્લા ૧૦ વર્ષમાં ઉત્પાદનમાં ચાર ગણો વધારો થયો છે.

આ સેક્ટરમાં પહેલીવાર ૧૦.૧૭ લાખ નવી નોકરીઓનું સર્જન થયુંછે. આ કાર્યક્રમમાં પોસ્ટ વિભાગ અને કેવીઆઈસીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત વિદ્યાપીઠ ખાતે મિશન શક્તિ યોજના હેઠળ યોજાયો જાગૃતિ કાર્યક્રમ

લિંગ સમાનતાના અને મહિલાલક્ષી યોજનાઓની કાર્યક્રમમાં થઈ ચર્ચા

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા ૧૦૦ દિવસની વિશેષ અવરનેસ કમ એનરોલમેન્ટ ડ્રાઇવનું આયોજન

કમલમ્ ન્યુઝ,

ગુજરાત વિદ્યાપીઠ ખાતે અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી અને લાઈફ કેર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે મિશન શક્તિ યોજના હેઠળ ૧૦૦ દિવસની વિશેષ અવરનેસ કમ એનરોલમેન્ટ ડ્રાઇવ અંતર્ગત લિંગ સમાનતા વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી શ્રી વૃતિકા વેગડા દ્વારા લિંગ સમાનતા તેમજ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની મહિલાઓને સુરક્ષા આપતી વિવિધ યોજનાઓ જેવીકે, બેટી બચાઓ બેટી પઢાઓ, સખી વન સ્ટોપ સેન્ટર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન યોજના વગેરેની માહિતી આપવામાં આવી હતી. ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશ સોલંકી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની મહિલા કલ્યાણકારી યોજનાઓ વિશેની માહિતી આપવામાં આવી હતી. તદુપરાંત, બોપલ પોલીસ સ્ટેશનના PBSC કાઉન્સેલર શ્રી દીપિકાબહેન દ્વારા પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના વિશેની માહિતી આપવામાં આવી હતી. જિલ્લા બાળ સુરક્ષા એકમના લીગલ કમ પ્રોબેશન ઓફિસર શ્રી વિજયભાઈ પ્રજાપતિ દ્વારા બાળકોને લગતા કાયદાઓ અને યોજનાઓ વિશે લોકોને માહિતીગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત વિદ્યાપીઠના શ્રીઅરુણભાઈ ગાંધી, લાઈફ કેર પ્રોજેક્ટના મેનેજર શ્રી સિદ્ધરાજભાઈ તેમજ લાઈફ કેર પ્રોજેક્ટનો સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં બહેનો અને ભાઈઓ ઉપસ્થિત રહયા હતા.

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, પોશીનામાં '૨૧ ઓગષ્ટ ઉધોગ સાહસિકતા' દિવસની ઉજવણી

કમલમ્ ન્યુઝ,

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, પોશીના ખાતે દ્વજીજી અને ઈઢઝ અંતર્ગત આચાર્યશ્રી ડૉ.જયશ્રીપી. જોષીનાં પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ ઉધોગ સાહસિકતા એટલેશું ?એ જાણે, કેટલાક ઉધોગ સાહસિક વ્યક્તિઓનો પરિચય મેળવે અને તેમનામાં ઉધોગ સાહસિકતાનો ગુણ કેળવાય એવા આશયથી તા-૨૧-૦૮-૨૦૨૪ ને બુધવારે વિશ્વઉધોગ સાહસિકતા દિવસની ઉજવણી અને રોજગાર પ્રદાતા પ્રેરક યુવાનોનું સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ઉધોગ સાહસિકતાની પરિભાષા સ્પસ્ટ કરીને, કેટલાંક ઉધોગ સાહસિક વ્યક્તિઓનો પરિચય કરાવી વિધ્યાર્થીઓમાં ઉધોગ સાહસિકતા કેળવવાનો પ્રયત્ન કર્યો હતો.કોલેજમાં અભ્યાસકર્યા પછી પોતાનો વ્યવસાય કરનારા બે વિધ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ગમાર જયંતિભાઈ બી.સીપોઈન્ટ ઝેરોક્ષ સેન્ટર ચલાવે છે અને પરમાર પ્રવીણભાઈ ટેલરિંગ શોપ ચલાવે છે. આ બંને વિધ્યાર્થીઓએ પોતે આ વ્યવસાયમાં કેવી રીતે જોડાયા, ક્યાથી શીખ્યા? વગેરે વાતો કરી હતી. વિધ્યાર્થિઓને લિજ્જત પાપડ, બાલાજી વેફર અને પશુપાલક નવલબેનનાં વિડીયો બતાવવામાં આવ્યા, જેથી વિધ્યાર્થીઓ સફળ ઉધ્યોગ સાહસિકમાંથી પ્રેરણા મેળવી શકે. કોલેજના આચાર્યશ્રી, અધ્યાપકો અને વિધ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગલઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન દ્વજીજી પ્રો.ઓફિસર અને ઈઢઝ નોડલ ઓફિસર પ્રો. જીજ્ઞેશ ગામીત દ્વારા કરવામાંઆવ્યું હતું.

સંપૂર્ણ સ્વચ્છતા તરફ પ્રયાણ કરતું અમદાવાદનું સિંગરવા ગામ

ગામમાં ૧૦૦% શૌચાલયો સાથે ODF(ઓપન ડેફેકેશન ફ્રી) પ્લસ મોડલ વિલેજ બનેલું સિંગરવા ગામ

કમલમ્ ન્યુઝ,

'ચાલો જઈએ સંપૂર્ણ સ્વચ્છતાતરફ.....!' એકએવું ગામ જ્યાં સ્વચ્છતા એ જ પ્રભુતા એમ માનવામાં આવે છે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ ODF (ઓપન ડેફેકેશન ફ્રી) પ્લસ મોડલ વિલેજ તરીકે સ્થાન પ્રાપ્ત થયું હોય, ગામમાં અમુક અંતરે સ્વચ્છતા રાખવામાટેના સૂચનોઅને બેનરો દેખાઈ આવે, ગામમાં 100% ઘરોમાં શૌચાલયો હોય અને ગામમાં ઈ-રીક્ષા પણ ફરતી દેખાય! ગામમાં પ્રવેશતાંજ સ્વચ્છ જાહેર શૌચાલય પણ આવેલું હોય; સ્વચ્છતાના અને પર્યાવરણ માટેના આબધાઆયામોને પારકરતાંએક આદર્શ ગામનીશું તમે કલ્પના કરી શકો છો? ઔદ્યોગિક વિસ્તારથી અડીને વસેલું ૧૨,૫૪૭ની વસ્તી ધરાવતું સિંગરવા ગામ અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકામાં આવેલું છે. ગામમાં જ્યાં નજર ફરે ત્યાં સ્વચ્છતાજ નજરેપડશે. સિંગરવા ગામ સ્વચ્છતા સિવાય પણ ઘણા બધાઆયામોમાંએકઆદર્શ ગામ તરીકે ઊભરીઆવ્યું છે. તો આવો જઈએ એક આદર્શ ગામ સિંગરવાની સફરે. સિંગરવા ગામમાં લોકોનો સંપ એવો છે કે ૧૯૬૨થી સમરસ ગ્રામ પંચાયત જોવા મળે છે. ગામના માળખામાં પણ એક આદર્શ ગામની ઝલક દેખાઈ આવે છે. સિંગરવા ગામનો વિકાસ ટાઉન પ્લાનિંગ કરીને કરવામાં આવ્યો છે. સ્વચ્છતાના સંદર્ભે સિંગરવા ગામમાં ગ્રામ પંચાયત દ્વારા આદર્શ પરિસ્થિતિઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગામના સફાઈકર્મીઓ દ્વારા ગામનાદરેક ખૂણાની સફાઈ કરવામાં આવે છે. ઈ-રિક્ષાની મદદથી સિંગરવા ગામમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન કરવામાં આવે છે. ગામના દરેક ઘરે કચરાપેટી રાખવામાંઆવીછે. આદરેક ઘરનો સૂકો કચરો અને ભીનો કચરો અલગ કરીને જ કચરાપેટીમાં નાખવામાંઆવે છે. વેસ્ટ કલેક્શન કર્યાબાદ વેસ્ટ કલેક્શન ટીમદ્વારા તે ઘરના સભ્યની વેસ્ટ કલેક્શન રજિસ્ટરમાંસહી લેવામાંઆવે છે, જેથી કરીને ગામના દરેક ઘરનો વેસ્ટ કલેક્શનનો દૈનિકરિપોર્ટ બની શકે. આ પ્રકારની સચોટ અને ઝીણવટ ભરેલી પ્રક્રિયા શહેરી વ્યવસ્થામાં પણ શોધવી લગભગ અશકય જેવીજ છે! સિંગરવાગ્રામ પંચાયત દ્વારાગામનો કચરો આ ઈ-રિક્ષા મારફતે સ્વખર્ચે એકત્રિત કરવામાં આવે છે. ગામની સીમમાં બનાવવામાં આવેલડમ્પિંગ યાર્ડમાં ગામનો બધો એકત્રિત કરેલો કચરો ઠાલવવામાં આવેછે. સરપંચશ્રીના કહેવા અનુસાર અમદાવાદ શહેરના ઔડાની સીમા સિંગરવા ગામને અડીને આવેલી હોવાથી ઔડાની મદદથી આ કચરાનો નિકાલ કરવામાં આવે છે. ગામમાં 100% ઘરોમાંગટરલાઈન પહોંચી ગઈ છે. ગામમાં વરસાદી પાણીના નિકાલ માટેસ્ટ્રોમ વૉટરલાઈન પણ નાખવામાં આવેલી છે. ગામમાં સેનિટેશનનું પૂરતું ધ્યાન રાખવામાં આવે છે. સિંગરવા ગામના સફાઈકર્મી શ્રી ગુણવંતભાઈ અને શ્રી ચંદ્રિકાબહેનનાકહેવા અનુસાર, તેઓને સિંગરવા ગ્રામ પંચાયત દ્વારા સફાઈ માટેની બધી વ્યવસ્થાઓજેવી કે, સફાઈ માટેનો ગણવેશ, સેફ્ટીકેપ, સફાઈ કરવા માટેનાં સાધનો તથા ઈ-રિક્ષા પણ આપવામાં આવી છે. દર મહિને નિયમિત ધોરણે સિંગરવા ગ્રામ પંચાયત દ્વારા તેમના આરોગ્યની તપાસ કરવામાં આવે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, ગામની ગટરલાઈન સાફ કરવા માટે ફક્ત અને ફક્ત મશીનોનો જ ઉપયોગ કરવામાં આવે છે. ગામના સફાઈકર્મીઓ ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવતી આ સગવડોથી સંતુષ્ટ છે. ગામમાં ૬ માધ્યમિક શાળાઓ, ૩ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ૪ પ્રાથમિક શાળા સાથે ગામનો સાક્ષરતા દર ૮૧.૨૫% છે. ગામનાં બાળકોને શાળાના શિક્ષણ માટે બીજા ગામે જવું નથી પડતું. ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજૂરી, ગૃહ ઉદ્યોગ અને પશુપાલન છે. ગામના 100% રહેણાંક વિસ્તારમાં વીજળીની સુવિધા પહોંચી ગઈ છે. ગ્રામ પંચાયત દ્વારા ગામમાં પાકા અંતરિયાળ રસ્તાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ગામમાં ઈ-ગ્રામ થકી આધુનિકીકરણ પણ આવી ગયું છે. સિંગરવા ગ્રામ પંચાયત અને અમદાવાદ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના પ્રયત્નોથી સરકારી યોજનાઓના લાભ ગ્રામજનોસુધી પહોંચીછે. ગામમાં ૪૩જેટલાં સ્વસહાય જૂથો આવેલાં છે. મનરેગા યોજના હેઠળ ૫૮ જોબકાર્ડમંજૂર કરવામાંઆવેલાછે. ૨૦ જેટલા લોકો વૃદ્ધ પેન્શન સહાયનો લાભ લે છે. ઉપરાંત, વિધવાસહાય યોજનાહેઠળ ૨૨૦ જેટલી બહેનો સહાય મેળવે છે. વિધવા સહાય મેળવતા ભારતીબહેનના કહેવા મુજબ, વિધવાસહાયનીરકમતેમના જેવી વિધવા બહેનો માટે આશીર્વાદરૂપ છે. આ રકમથી વિધવા બહેનોને નાની મોટી મદદ મળી રહે છે. ઉજ્જ્વલા યોજનાનો લાભ લઈને ગામની ૨૨૦ બહેનો સ્વચ્છ રસોઈ અને વાયુ પ્રદૂષણથી મુક્તિનો શ્વાસ લે છે. સિંગરવા ગામમાં પર્યાવરણમાં હવા, પાણી અનેજમીનની શુદ્ધતાનુંપૂરતું ધ્યાન રાખવામાં આવે છે. ગામના દરેક ઘરમાં પીવાનુંશુદ્ધ પાણી પહોંચે છે. સિંચાઈ માટે પણ ખેડૂતોને પૂરતું પાણી મળી રહે છે. સૌથી અનોખી બાબત એ છે કે, સિંગરવા ગામમાં આવેલા ૧૪ બોરનું ગ્રામ પંચાયત દ્વારા સ્વખર્ચે નિરીક્ષણ કરવામાં આવે છે. સરપંચ સુશ્રી સીતાબહેનના કહેવાઅનુસાર, ૪ બોરનું પાણી નિરીક્ષણ બાદ પીવાલાયક જણાઈ નાઆવતા આ તમામ બોરને બંધ કરી દેવામાં આવ્યા છે. સમયે સમયે ગામમાં પીવાના પાણીના બોરની ચકાસણીની સરાહનીય કામગીરી ગ્રામ પંચાયત દ્વારા કરવામા આવે છે. સિંગરવા ગામની ફરતે ઈન્ડસ્ટ્રીયલ એરિયા આવેલો છે, તેથી પ્રદૂષણનું જોવા મળે છે. આ સિવાય, ગામ દ્વારા હવાનું પ્રદૂષણ નહિવત્ પ્રમાણમાં ફેલાય તે માટે ગ્રામ પંચાયત દ્વારા ઈ- રીક્ષા વસાવવામાંઆવી છે. આ ઉપરાંત, સિંગરવા ગ્રામ પંચાયત દ્વારા ગામના લોકો માટે વિવિધ ઈત્તર પ્રવૃત્તિઓનું પણઆયોજન કરવામાં આવે છે. ગ્રામ પંચાયત દ્વારા ગામમાં સ્કેટિંગ ટ્રેકવાળા પાર્ટી પ્લોટનું નિર્માણ કરવામાંઆવ્યું છે. નજીવી કિંમત આપીને ગ્રામજનો આ પાર્ટી પ્લોટનો સામાજિક કે અન્ય પ્રસંગોમાં પણ ઉપયોગ કરી શકે છે. આ જગ્યા ઉપર ગ્રામ પંચાયત દ્વારાદૈનિક ધોરણેફ્રી યોગ ક્લાસ ચલાવવામાં આવે છે. ગ્રામજનોનિયમિત ધોરણે આયોગ ક્લાસમાં સહભાગી થાય છે. સિંગરવા ગ્રામ પંચાયત દ્વારા સિંગરવાને પ્લાસ્ટિક મુક્ત ગામ બનાવવાનું અભિયાન શરૂ કરવામાં આવ્યુંછે. પ્લાસ્ટિક મુક્ત સિંગરવા બનાવવા માટે ગામમાંથી પ્લાસ્ટિક દૂર થાય તેમાટે ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોને કાપડની થેલીઓ આપવામાંઆવે છે. સિંગરવા ગામ પ્લાસ્ટિકમુક્તબને તેદિશામાં ગ્રામ પંચાયતની આખૂબ જ સારી પહેલ છે. સિંગરવા ગામના તલાટી કમ મંત્રી શ્રી (ઈ. ચા.) વિજયભાઈ નિનામાના કહેવા અનુસાર, આવનારાસમયગાળામાં સિંગરવા સંપૂર્ણ રીતેપ્લાસ્ટિક મુક્તબને તેવા સિંગરવા ગ્રામ પંચાયતના પ્રયત્નો છે. સિંગરવા ગામના રહેવાસીઓ પણ આ પ્રયત્નોમાં પૂરેપૂરા ભાગીદાર છે. ગ્રામજનોના અને ગ્રામ પંચાયતના પ્રયાસોથી સ્વચ્છ અને આદર્શ ગામ સિંગરવા સંપૂર્ણ પ્લાસ્ટિક મુક્ત પણ બની રહેશે, તેવી તેમને આશા છે.

સંરક્ષણ મંત્રી ૨૩-૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન યુએસની સત્તાવાર મુલાકાતે

આ મુલાકાતનો હેતુ ભારત-યુએસ વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવાનો છે

શ્રી રાજનાથ સિંહ યુએસ સંરક્ષણ સચિવ શ્રી લોયડ ઓસ્ટિન સાથે દ્વિપક્ષીય બેઠક કરશે

કમલમ્ ન્યુઝ,

સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહ યુએસ સંરક્ષણ સચિવ શ્રી લોયડ ઑસ્ટિનના આમંત્રણ પર ૨૩ થી ૨૬ ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન યુએસની સત્તાવાર મુલાકાત લેશે. મુલાકાત દરમિયાન, સંરક્ષણ મંત્રી તેમનાયુએસ સમકક્ષ સેક્રેટરી ઑસ્ટિન સાથે દ્વિપક્ષીય બેઠક કરશે. તેઓ રાષ્ટ્રપતિના રાષ્ટ્રીય સુરક્ષાબાબતોના સહાયક શ્રી જેક સુલિવાનને પણ મળશે. આ મુલાકાત ભારત-યુએસ સંબંધોમાં વધી રહેલા વેગ અને અનેક સ્તરે સંરક્ષણ જોડાણની પૃષ્ઠભૂમિમાં આવી છે. આ મુલાકાત ભારત-યુએસ કોમ્પ્રિહેન્સિવ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપને વધુ ગાઢ અને વિસ્તૃત કરશે તેવીઅપેક્ષા છે. શ્રી રાજનાથસિંહ યુએસ સંરક્ષણ ઉદ્યોગ સાથે ચાલી રહેલા અને ભાવિ સંરક્ષણ સહયોગ પર ઉચ્ચ સ્તરીય રાઉન્ડ ટેબલ બેઠકની અધ્યક્ષતાપણ કરશે. આ મુલાકાત દરમિયાન તેઓ ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરશે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે અમદાવાદમાં 'ધી આઈડિયલ એન્ડ ગ્રેટ સ્ટેમ્પ્સ' પેઈન્ટિંગ પ્રદર્શનીનું કર્યું ઉદઘાટન

પેઈન્ટિંગ ફક્ત રંગભરવાની પ્રવુત્તિ નથી, તેમાં સંવેદના અને સામાજિક જાગૃતિ પણ પ્રતિબિંબિત થવી જોઈએ - પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ

રવિશંકર રાવલ કલા ભવન, અમદાવાદમાં ૨૧-૨૩ ઓગસ્ટ સુધી યોજાયેલી ત્રણ દિવસીય પેઈન્ટિંગ પ્રદર્શનીનું પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે કર્યું ઉદઘાટન

સભ્યતા, સંસ્કૃતિ અને વારસાનું પ્રતીક છે ડાક ટિકિટ – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ

પેઈન્ટિંગ એક કળાનીસાથે-સાથે આધુનિક સમાજની સંવેદનાનું પ્રતિબિંબ છે – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ

કમલમ્ ન્યુઝ,

'ધી આઈડિયલ એન્ડ ગ્રેટ સ્ટેમ્પ્સ' પેઈન્ટિંગ પ્રદર્શનીનું ઉદઘાટન ૨૧ ઑગસ્ટે ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર, અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલશ્રી કૃષ્ણકુમાર યાદવનાહસ્તે કરવામાંઆવ્યું હતું. અમદાવાદના રવિશંકર રાવલ કલા ભવન, એલિસબ્રિજ ખાતે યોજાયેલ આ ત્રિ-દિવસીય પ્રદર્શનમાં કલાકાર શ્રી બિપિન ચંદ્ર નાથુરામ ધમેલની મહાત્મા બુદ્ધ વિષયક ચિત્રકલા અને ડાક ટિકિટો પર આધારિત પેઈન્ટિંગ્સ પ્રદર્શિત કરવામાંઆવ્યાછે. ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા પ્રાયોજિતઆ પ્રદર્શની૨૩ ઑગસ્ટ સુધી સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી જોઈ શકાય છે. પોસ્ટમાસ્ટર જનરલશ્રી કૃષ્ણકુમાર યાદવે દીપ પ્રજ્વલન કરીને પ્રદર્શનનું ઉદઘાટન કર્યું અને ત્યારબાદ વિવિધ કળાકૃતિઓનું અવલોકન કર્યું. આપ્રસંગે વિશિષ્ટ મહેમાન તરીકે બૌદ્ધ ગુરુ ધમ્માચારી આનંદ શાક્ય, સેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટ્સના ભૂતપૂર્વવિભાગાધ્યક્ષ શ્રી જયેન્દ્રપંચોલી, વૉટર કલર આર્ટિસ્ટ શ્રી ભારત ભટ્ટ પણ હાજર રહ્યા. આપ્રસંગે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે પોતાના સંબોધનમાં જણાવ્યું કે મહાત્મા બુદ્ધના જીવનના વિવિધ પાસાઓ સાથે સાહિત્ય, કળા, સંસ્કૃતિની સાથે-સાથે શિક્ષણ, આધ્યાત્મ, સ્થાપત્ય કળાના વિવિધ પાસાઓને સાચવતી આ કળાપ્રદર્શન અનોખુ છે. પેઈન્ટિંગએક કળાનીસાથેસાથે આપણા સમાજ અને પર્યાવરણનું પ્રતિબિંબપણ છે. આ કળાકૃતિઓમાં આપણને સમાજનીઅનોખીઝલક જોવા મળે છે. માત્ર આડી કે ત્રાંસી લાઈનો દોરીને તેમાં રંગો ભરવા એ જ પેઈન્ટિંગ નથી, પરંતુ તેમાં સંવેદના અને સામાજિક જાગૃતિ પણ પ્રતિબિંબિત થવી જોઈએ. પોસ્ટમાસ્ટર જનરલશ્રી કૃષ્ણકુમાર યાદવે કલાકારશ્રી બિપિનચંદ્ર દ્વારા મહાત્મા બુદ્ધ સાથે વિવિધ મહાપુરુષોએને વિવિધવિષયો પર બહાર પાડવામાં આવેલી ડાક ટિકિટોને પેઈન્ટિંગ્સમાં ઢાળી પ્રદર્શિત કરવા બદલ પ્રશંસા કરી. શ્રીયાદવે સૂચિત કર્યું કે ડાક ટિકિટ ખરેખર એક નાનુંરાજદૂત છે, જે વિવિધ દેશોમાં પ્રવાસ કરે છે અને તેઓને પોતાની સંસ્કૃતિ, સંસ્કાર અને વારસાનો પરિચય કરાવે છે. દરેક ડાક ટિકિટની પાછળએક વાર્તા છુપાયેલીહોય છે અને આ વાર્તાની સાથેઆજની યુવાપેઢીને જોડવાની જરૂર છે. ગુજરાતની ધરતી પર જન્મેલા 'રાષ્ટ્રપિતા' મહાત્મા ગાંધીજીએ પોતાના વિચારો અને કાર્યોથી વિશ્વભરમાંપ્રતિષ્ઠા મેળવી છે. એટલેજવિશ્વમાં સૌથીવધુ ટપાલ ટિકિટો મહાત્મા ગાંધી પર બહાર પાડવામાં આવી છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે કળાપ્રદર્શનની પ્રશંસા કરતાં જણાવ્યું કે આપ્રકારના પ્રદર્શનોનું આયોજન થવું જોઈએ, જેથી લોકોને કંઈક નવુંજોવા અને શીખવા મળે. તેમણે જણાવ્યું કે શ્રીબિપિન ચંદ્રની કલાકૃતિઓ "અપ્પ દીપો ભવ" સંસ્કૃતિનેપ્રોત્સાહન આપેછે. આથી વધારેમાં વધારે લોકો આ પ્રકારની પ્રવૃતિમાં જોડાવા જોઈએ. પોસ્ટમાસ્ટરજનરલ શ્રીકૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું હતું કે ડાક ટિકિટ સંગ્રહ અને તેના અધ્યયનની કળા 'ફિલેટલી' ના ક્ષેત્રમાંપોસ્ટ વિભાગ દ્વારા ઘણા નવા પગલા લેવામાં આવી રહ્યાછે. તેનોહેતુ બાળકોમાં સર્જનાત્મકતાના વિકાસસાથે સાથે તેઓને વિવિધસમકાલીન વિષયો, ઘટનાઓ, દેશના મહાનુભાવો, જૈવ વૈવિધ્યતા વગેરે સાથે પરિચિત કરાવવાનોછે. 'ફિલેટલી' નો શિક્ષણ પદ્ધતિને મજબૂત બનાવવામાં મહત્વનો ફાળો છે. પોસ્ટ ઓફિસમાં માત્ર ૨૦૦/-ની પ્રારંભિક જમા રકમથી ફિલેટલી ડિપોઝિટ ખાતું ખોલીને ઘરે બેઠા ડાક ટિકિટ મંગાવી શકાય છે. આથી યુવાનો અને બાળકોને જ્ઞાન સાથે સાથે એક સારો શોખ અપનાવવા માટે પ્રેરણા મળશે. કલાકાર શ્રી બિપિન ચંદ્રે જણાવ્યું કે 'વન મેન એક્ઝિબિશન ઓફ પેઈન્ટિંગ્સ' હેઠળ મૂકાયેલી તેમની આ પ્રદર્શનીનો હેતુ મહાત્મા બુદ્ધના જીવનના વિવિધ પ્રસંગો અને ડાક ટિકિટો દ્વારા પ્રતિબિંબિત થયેલા વિવિધ મહાનુભાવો, સાંસ્કૃતિક સગવડ અને અન્ય સમસામયિક વિષયોને ચિત્રોમાં સમાવવું અને તેના માધ્યમથી જન જાગૃતિને વધારવું છે. તેમણે જણાવ્યું કે આ પછી ૧૯ થી ૨૧ ઑક્ટોબર દરમિયાન ગોવા સ્થિત ઉજ્વલ આર્ટ ગેલેરીમાં આ પેઈન્ટિંગ્સનું પ્રદર્શન યોજવામાં આવશે.

લોથલ ડોકયાર્ડ થિયરીનું પુનઃમૂલ્યાંકન કરવામાં આઈઆઈટી ગાંધીનગરની સફળતા

હડપ્પીય ઇનલેન્ડ વોટર નેટવર્ક્સ એન્ડ ટ્રેડમાં નવી આંતરદૃષ્ટિનું અનાવરણ કરે છે



કમલમ્ ન્યુઝ,

આઈઆઈટી ગાંધીનગરની આગેવાની હેઠળનો એક અભૂતપૂર્વ અભ્યાસ લોથલ ડોકયાર્ડ થિયરીમાં સામેલ છે, જેમાંમલ્ટિ-સેન્સર ડેટા, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને અદ્યતનએનાલિટિકલ પ્લેટફોર્મજેવી અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સૌથી પ્રખ્યાત હડપ્પીય સ્થળોમાંના એક પરના આ અગ્રણી સંશોધનથી આપ્રદેશની હાઈડ્રોગ્રાફીએપ્રાચીન વેપાર અને સાંસ્કૃતિક આદાનપ્રદાનને કેવી રીતે આકાર આપ્યો તે અંગેની નવી આંતરદૃષ્ટિપ્રગટ કરે છે. લોથલ અને સાબરમતી નદીના ભૂતપૂર્વ માર્ગ વચ્ચે સીધો જોડાણ સ્થાપિત કરીને આ અભ્યાસ નોંધપાત્ર સફળતાને ચિહ્નિત કરે છે. તે દર્શાવે છે કે હોલોસીન સમય ગાળાના અંત ભાગમાં સાબરમતી નદીના નીચાણવાળા વિસ્તારોમાંનોંધપાત્ર સ્થળાંતર થયું હતું, જેણે વેપાર માર્ગોઅને વસાહતોનીપેટર્નને પ્રભાવિત કરી હતી. આ સંશોધન એ બાબતપર પણ પ્રકાશ પાડે છે કે કેવીરીતે પ્રાચીન જળ ગતિશીલતાએ વેપાર અને સાંસ્કૃતિક આદાનપ્રદાનને અસર કરી હતી, જે હડપ્પીય અર્થતંત્રોમાં જળમાર્ગોની ભૂમિકા પર નવા દ્રષ્ટિકોણ રજૂ કરે છે.

તદુપરાંત, તારણોમાં અગાઉ ડોકયાર્ડ થિયરી અંગે શંકા વ્યક્ત કરવામાં આવી હતી, જે તેની માન્યતાને ટેકોઆપવા માટે મજબૂત પુરાવાપૂરા પાડે છે. આઈઆઈટી ગાંધીનગરના અર્થસાયન્સીસ એન્ડ હ્યુમેનિટીઝએન્ડ સોશિયલ સાયન્સિસના એસોસિએટ પ્રોફેસર વી.એન. પ્રભાકર કહે છે, "પુરાતત્ત્વીય ભૂ-પુરાતત્ત્વીય ભૂમિની બહુ-શાખાકીય તપાસથી ઘણાં અજાણ્યાં પાસાઓને ઉજાગર કરી શકાય છે. તેઓ ઉમેરેછે કે, "પુરાતત્ત્વવિદ્યામાં રિમોટ સેન્સિંગ તકનીકો નોંધપાત્ર રીતે આગળ વધી છે, જેણે પ્રાચીન લેન્ડસ્કેપ્સને ઉજાગર કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી છે." ગુજરાતમાં ખંભાતનાઅખાતથી લગભગ ૩૦ કિ.મી.ના અંતરે આવેલું લોથલ કાંસ્ય યુગના હડપ્પીય સમયગાળા દરમિયાન એક મહત્વપૂર્ણ બંદર હતું. આ સંશોધન લેન્ડસ્કેપ દ્રષ્ટિકોણથી ડોકયાર્ડ થિયરીની પુનઃવિચારણા કરેછે, જેમાંપ્રારંભિક નકશા, સેટેલાઈટ ઈમેજ અને ડિજિટલ એલિવેશન મોડેલ્સના ડેટાને સંકલિતકરવામાં આવેછે. આઅભિગમ માત્ર હાલના અર્થઘટનને જ મજબૂત બનાવતો નથી, પરંતુ ભૂતકાળના લેન્ડસ્કેપ્સને સમજવામાં ભૂ-સ્થાનિક ડેટાના મહત્વને પણ રેખાંકિત કરે છે. આ અભ્યાસ વિસ્તાર ગુજરાતના લોથલ અને તેની આસપાસના વિસ્તારોને આવરી લે છે, જ્યાં ૧૪૦થી વધુ પેલેઓચેનલની ઓળખ કરવામાં આવી છે, જેમાં હડપ્પીય સંસ્કૃતિમાટે નદીનામુખ્ય માર્ગપર લોથલની વ્યૂહાત્મક સ્થિતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેમણે સાબરમતીનદીની જૂનીચેનલોનું અનાવરણ કર્યું હતું, જે લોથલનું મુખ્ય સ્થળ છે, જે કોઠ અને અન્ય સંસાધનોથી સમૃદ્ધ વિસ્તારો સાથે સંબંધિત મહત્વપૂર્ણ નદીમાર્ગ પર છે. આ સંશોધન ડોકયાર્ડના સિદ્ધાંતને ટેકો આપે છે અને ઐતિહાસિક ઈનલેટ્સ અંગેનીચિંતાઓને દૂર કરે છે, જે નદીઅને દરિયાઈ માર્ગો દ્વારા વેપાર માટે લોથલના મહત્વને દર્શાવે છે. સાબરમતીના સ્થળાંતરની સમયરેખા અને આ પ્રદેશની ટેક્ટોનિક ગતિશીલતાની પુષ્ટિ કરવા માટે વધુ અભ્યાસની જરૂર છે. સેટેલાઈટ છબીઓ છે સૂચવેછે કે એક તરફ અને બીજી તરફ નળ સરોવર દ્વારા કચ્છનું નાનું રણ લેખકોદ્વારા તાજેતરના અન્ય એક અધ્યયનમાં લોથલને કચ્છના અન્ય હડપ્પીય સાઈટ્સ સાથે જોડતું સક્રિય આંતરિક જળ નેટવર્ક પણ બહાર આવ્યુંછે, thereby participating in distributing raw materials like agate-carnelian. "પેલેઓલેન્ડસ્કેપના પુનર્નિર્માણમાં પ્રવર્તમાન પુરાતત્ત્વીય અને ભૂ-આકારશાસ્ત્રના સિદ્ધાંતો પર એક નવો પરિપ્રેક્ષ્ય રજૂ કરવાની ક્ષમતા છે, જે શોધોને સક્ષમ બનાવે છે અને પ્રાચીન સમાજો તેમના પર્યાવરણ સાથે કેવી રીતે અનુકૂલન સાધે છે તેની ઊંડી સમજણ ધરાવે છે." એમ પ્રો.એકતા ગુપ્તાએ જણાવ્યું હતું.

દારૂની હેરાફેરીમાં પકડાયેલા વાહનોની હરાજી કરીને તે નાણાનો ઉપયોગ ગરીબ-મધ્યમ પરિવારોને અપાતા યોજનાકિય લાભો પાછળ કરાશે: ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી

બુટલેગરોના વાહનોની હરાજી કરી તેના નાણાંનો ઉપયોગ સમાજ કલ્યાણ માટે કરનાર ગુજરાત સમગ્ર દેશનું પ્રથમ રાજ્ય બનશે

- છેલ્લા બે વર્ષમાં બૂટલેગરોના ૨૨,૪૪૨ જેટલા વાહનો પોલીસ સ્ટેશનમાં જપ્ત થયા, ૭ હજાર જેટલા વાહનો હજુ પોલીસ સ્ટેશનમાં ભંગાર બની રહ્યા છે
- વાહનની હરાજી બાદ જો? કોઈ વ્યક્તિ નામદાર કોર્ટમાંથી નિર્દોષ સાબિત થશે તો, માલિકને હરાજીમાં મળેલી રકમ વ્યાજ સાથે પરત આપવામાં આવશે
- ગુજરાત નશાબંધી સુધારા વિધેયક વિધાનસભા ગૃહમાં પસાર

કમલમ્ ન્યુઝ,

વિધાનસભા ગૃહમાં નશાબંધીસુધારાવિધેયકરજૂ કરતાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, દેશના તમામ જૂના કાયદાઓનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરવામાં આવેઅને સમયની માંગ સાથે સમાજહિતને કેન્દ્રમાં રાખીને કાયદામાં જરૂરીફેરફારો કરવામાં આવે તેવો વિચાર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇમોદીએ વ્યક્તકર્યો છે. જે અનુસંધાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં દારૂબંધીના કાયદામાં પોલીસ પ્રક્રિયા સરળ કરવા અને ગુનેગારોને અંકુશમાં રાખવાઉપરાંતદારૂનીહેરફેર કરતા વાહનો બીજી વાર ઉપયોગમાં ન થાય અને રાષ્ટ્રીય સંપતિ પોલીસ સ્ટેશનમાં પડી પડી ભંગાર ન થાય તે મુખ્ય હેતુ સાથે નશાબંધી અધિનિયમમાં આ સુધારો તૈયાર કરવામાં આવ્યોછે. મંત્રીશ્રીએ કહ્યું કે, આ પ્રકારના વાહનોની હરાજી કરીને તેના નાણાનો ઉપયોગ સમાજ હિત- સરકારી યોજનાઓ પાછળ કરનારુ ગુજરાત સમગ્ર દેશનું પ્રથમ રાજ્ય બનશે. રાજ્યમાં કરોડો રૂપિયાના વાહનો ભંગાર થઈ જાય છે તેનું સૌથી વધુ નુકશાન દેશને થઈ રહ્યુ છે. આવા ભંગાર થયેલા વાહનોની હરાજી બાદ જો? કોઈ વ્યક્તિ નામદાર કોર્ટમાંથીનિર્દોષ સાબિતથાય, તેનું વાહન હરાજીમાં વેચાઈ ગયું હોય તો જે તે માલિકને હરાજીમાં મળેલી રકમ વ્યાજ સાથે પરત આપવામાં આવશે. કેન્દ્રિય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ જયારે ગુજરાતના ગૃહમંત્રી હતા ત્યારથી શ્રી નરેન્દ્રભાઇ મોદીની નેતૃત્વ હેઠળ છેલ્લા ૨૫ વર્ષથી રાજ્ય સરકારે વખતો-વખત જૂના પણ પ્રવર્તમાન કાયદામાંફેરફારોકરીને લીગલફ્રેમવર્ક વધુમજબૂત બનાવ્યું છે. તાજેતરમાં લેન્ડ ગ્રેબીંગ અને ગુજસીટોક જેવાકાયદાઓ લાવીને ગુનેગારો ગુનો કરતાં પહેલા ડરે તેવો માહોલ ઉભો કર્યો છે. અદાલતમાં પણ કેસો સાબિત થાય અને ગુનેગારોને કાયદાનુસારની કડકમાંકડક સજા થાય તેમાટે ગુના સાબિતીના દરમાં ૩૦% જેટલા સુધારાને લક્ષ્ય બનાવીને કન્વિક્શન ઈમ્પ્રુવમેન્ટ પ્લાન અને ડિરેકટર ઓફ પ્રોસિક્યુશન જેવી વ્યવસ્થાઓ અમલમાં મૂકવામાં આવીછે. ગુજરાત એકએવુરાજ્ય છે કે જેની એક બોર્ડરે મધ્યપ્રદેશ, બીજી બાજુ રાજસ્થાન અને ત્રીજી બાજુમહારાષ્ટ્ર છે.

દીવ જેવા કેન્દ્રશાશિત શાસિત પ્રદેશો છે. અને આ બધા રાજ્યોની અંદર નશાબંધીની નીતિ નથી. ગુજરાતનશાબંધીની નીતિને વરેલું છે તેવા સંજોગોમાં આટલી વિશાળ સરહદ સાથે જોડાયેલા અન્ય રાજ્યોમાંથીપણ ગુજરાતની સરહદમાં દારુ ન પ્રવેશે એ માટે કડક પગલાંલેવામાં આવીરહ્યા છે. દારૂની હેરફેર વાહન વગર શક્ય નથી. મોટા ભાગના કિસ્સામાં પોલીસ દ્વારા જે દારૂ પકડવામાં આવ્યો હોય તે દારૂના જથ્થાની કિંમતથી અનેક ગણીવધુ કિંમત તે વાહનની હોય છે. જો આ વાહન છૂટી જાય તો તેનો ફરી વખત ગુનામાં ઉપયોગ થવાની શક્યતા રહેલી હોય છે. દારૂની હેરફેરના કેસોમાં છેલ્લા બે વર્ષમાં પોલીસ દ્વારા ૨૨,૪૪૨ વાહનો જપ્ત કરવામાં આવ્યા છે અને તે પૈકી આશરે ૭૨૧૩ વાહનો પોલીસ સ્ટેશન ખાતે હજુ પડતર છે. આ પ્રકારની વાહનોનીહરાજી કરવાની સત્તા હઅજી કક્ષાના અધિકારીને સોંપવામાં આવી છે. મંત્રીશ્રીએ ગૃહમાંવધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ગુજરાતમાં અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં આ પ્રકારના ગુનાઓમાં ૩૦૦ જેટલી લેકઝુરીયસ કાર જપ્ત થયેલી પડી છે. આ કાયદામાં સુધારો થવાથી આ કારની હરાજીમાં કરોડોની રકમ પ્રાપ્ત થશે જે હજારો ગરીબ પરિવારો પાછળઉપયોગમાં લેવાશે. લાંબા સમય બાદ કોર્ટના આખરી ચુકાદા બાદ વાહન પરત કરવાનો હુકમ થયાબાદ પણ વાહન માલિક વાહન છોડાવવા આવતા નથી કારણ કે, લાંબા સમય બાદ વાહનની હાલત ખુબ જ બિસ્માર થઈ ગઈ હોય છે જેથી માલિકને તે છોડાવવામાં કોઈ રસ રહેતો નથી અને તેથી પણ પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં જપ્ત કરેલા વાહનોનો ભરાવો ઓછો થતો નથી. વાહનો લાંબા સમય સુધી બંધ હાલતમાં બિનઉપયોગ સ્થિતિમાંપડ્યારહેતા હોઈ વાહનો ખરાબ થઈ જવાથી વાહનોનીવેલ્યુમાં સતતઘટાડોથતો હોય છે. ઉપરાંત જપ્ત કરેલ વાહનોની જાળવણીનાંતેમજ જપ્ત કરાયેલ વાહનો રાખવા માટે જગ્યાનો પણ પ્રશ્ન ઉદભવે છે. આ પરિસ્થિતિ નિવારવા સમય મર્યાદામાં મોટી સંખ્યામાં જપ્ત કરેલ વાહનોનોયોગ્ય અને ઝડપી નિકાલ કરવોજરૂરી છે. આતમામ મુદ્દાઓને ધ્યાને લઈ પ્રવર્તમાન નિયમમાં સુધારો કરવો ખુબ જ જરૂરી અને અનિવાર્ય હોઈ આ બિલ લાવવામાં આવ્યુ છે. આ કાયદો ૨૦ લીટરથી વધારે દારુ પકડાય તેવાવાહનો માટે છે. નાના માણસોને કોઈપણ જાતનું કોઈ નુકશાન કે હેરાનગતિ ન થાય તે બાબતે સરકાર સંપૂર્ણ સંવેદનશીલ છે. દારૂના મોટાપાયે વેપાર કરતા બુટલેગરોના વાહનો જપ્ત કરીને તેની હરાજી કરી આ રકમનો ઉપયોગ નાગરિકોને અપાતા યોજનાકિય લાભોમાં કરવા આ બિલ લાવવામાં આવ્યુ છે. હાલ રાજયમાં ગૌવંશના હેરફેરના કાયદા માટે વાહનોની હરાજી કરવાની જોગવાઈ છે. તેમાં વાહનોની હરાજી કેવી રીતે કરવી તેની માર્ગદર્શિકા છે. આ માર્ગદર્શિકા અને અન્ય મુદ્દાઓ ધ્યાને લઈને આના માટે નવા નિયમો બનાવવામાં આવશે. ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક વિધાનસભા ગૃહમાં પસાર કરવામાંઆવ્યુ હતું.

સુઈગામ તાલુકાના બોરું ખાતે નવીન કલેકટરની અધ્યક્ષાતામાં રાત્રિ સભા યોજાઈ

કમલમ્ ન્યુઝ,બનાસકાંઠા

જિલ્લા કલેકટર મિહિર પટેલની અધ્યક્ષતામાં સુઈગામ તાલુકાના બોરું ખાતે રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરકારની વિવિધ પ્રજાલક્ષી અને લોકાભિમુખ યોજનાઓની ગ્રામજનોને વિગતવાર માહીતી આપવામાં આવી હતી. તેમજ ગ્રામજનોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ લાવવામાં આવ્યું હતું. કલેક્ટર મિહિર પટેલદ્વારા ગામના વિકાસ માટે ૫ લાખની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી હતી. તેમજ ઉપસ્થિત તમામ અધિકારી/કર્મચારીઓને વધુ ફીલ્ડ વર્ક કરી સરકારની પ્રજાભિમુખ અને કલ્યાણકારી યોજનાઓની વધુમાં વધુ અસરકારક રીતે અમલવારી કરવામાટે સુચનાઆપવામાં આવી હતી. આ રાત્રિ સભામાં જિલ્લા વિકાસ અધિકારી એમ.જે.દવે, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આર.આઇ.શેખ, સૂઈગામ પ્રાંત અધિકારી કાર્તિક જીવાણી સહીત જિલ્લા સંકલન સમિતિના અધિકારીઓ, સુઈગામ તાલુકા વહીવટીતંત્રના અધિકારી/કર્મચારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી એમ.પી.શાહ સરકારી મેડીકલ કોલેજ, જામનગર ખાતે 'ઈન્ડોર ગેમ્સ કોમ્પલેક્ષ'નું ઉદ્દ્ઘાટન કરાયું



કમલમ્ ન્યુઝ,જામનગર

શ્રી એમ.પી.શાહ સરકારી મેડીકલ કોલેજ, જામનગર ખાતેમેડીકલનો અભ્યાસ કરતાવિદ્યાર્થીઓ માટે 'ઈન્ડોર ગેમ્સ કોમ્પ્લેક્ષ'નું ઉદ્દઘાટન સંસ્થાના ભૂતપૂર્વ પ્રોફેસર અને પેથોલોજી વિભાગના વડાશ્રી અને ટ્રસ્ટીડૉ.જે.આર.જોશીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.આ માટે કુલ ૬ લાખ જેટલુ ભંડોળ સંસ્થાના એલ્યુમની સ્કોલરશીપ ફંડઅને ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા આપવામાં આવ્યું હતુ.ઉલ્લેખનિય છે કે ૨૦૦૫ની સાલમાં સ્થપાયેલ આ સંસ્થા દ્વારા વખતો વખત શ્રી એમ.પી.શાહસરકારી મેડીકલ કોલેજ, જામનગરને વિવિધ ડોનેશન તથાજરૂરિયાત મુજબની સહાય પુરી પાડવામાંઆવે છે.રમતગમતનું આ નવિન કોમ્પલેક્ષ બનાવવામાં ડૉ.જીજ્ઞેશ વડગામા તથા રવિ મહેતાનો પણ અમુલ્ય ફાળોરહેલ છે.

જેઓ ડૉ.જે.આર.જોશીની આગેવાનીમાં ખૂબ જ ટુંકાગાળામાં આ કોમ્પલેક્ષના નિર્માણમાં સહાયભૂત થયા અને કોમ્પ્લેક્ષનું કામ પૂર્ણ થયુ.આ પ્રસંગે સંસ્થાના ડીનશ્રી, અધિક ડીન, તબીબી અધિક્ષક, વિવિધ તબીબો, ડૉ. ગાયત્રી ઠાકર (ગાયનેકોલોજિસ્ટ અને ટ્રસ્ટી) તથા સંસ્થાના વિદ્યાર્થીઓ વગેરે હાજર રહ્યા હતા.

સાંસદશ્રી શોભનાબેન બારૈયાજીએ ભગવાન ભોળાનાથના દર્શન સહ પાવન આશીર્વાદ મેળવી જનતા જનાર્દનની સુખાકારી તેમજવિશ્વ જગતની શાંતિ માટેપ્રાર્થના કરી.

કમલમ્ ન્યુઝ,

ખેડબ્રહ્મા તાલુકાના મટોડા ગામ ખાતે મોટનેશ્વર મહાદેવ મંદિર ખાતે આયોજીત લગુરુદ્ર યજ્ઞમાં સાબરકાંઠા લોકસભાના લોકપ્રિય સાંસદશ્રી શોભનાબેન મહેન્દ્રસિંહ બારૈયાજીએહાજર રહી ભગવાન ભોળાનાથના દર્શન સહ પાવન આશીર્વાદ મેળવી જનતા જનાર્દનની સુખાકારી તેમજ વિશ્વ જગતની શાંતિ માટે પ્રાર્થના કરી. મટોડા ગામે જ્યા સાંસદશ્રી ની શિક્ષક તરીકે પ્રથમવાર નિમણૂક થઈ હતીમટોડા ખાતેસાંસદશ્રી ના માનેલા ભાઈશ્રી ચેતનભાઈ અને તમેના પરિવાર દ્વારા લોકસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય થાય તે માટે માનતા રાખેલજે આજ રોજ ગોળ તુલા કરી પૂર્ણ કરી "ગોળ તુલા" દરમિયાન પ્રાપ્ત થયેલ પ્રેમ, સ્નેહ અને સત્કાર બદલ ચેતનભાઈ દિનેશભાઈ રાવલ ના પરિવાર તેમજ સમસ્તગ્રામજનો સાંસદશ્રી એ સહૃદય આભાર વ્યક્તકર્યો. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ ધારાસભ્ય શ્રી અશ્વિનભાઈ કોટવાલ, ખેડબ્રહ્મા તાલુકા સંગઠન પ્રમુખ સુરેશભાઈ, પોશીના તાલુકા સંગઠન પ્રમુખ રૂમાલભાઈ, વિજયનગર સંગઠન પ્રમુખ મયુરભાઈ,વિજયનગરએપીએમસી ચેરમેન પનાભાઈ, ખેડબ્રહ્મા એપીએમસી ચેરમેન અમરતભાઈ, ડેરીના વાઇસ ચેરમેન બ્રિજેશભાઈ, જીલ્લા સદસ્ય હિતેન્દ્રસિહ તેમજ સોનલબેન, સા.કા. બેકના પૂર્વ ચેરમેન જસુભાઈ પટેલ, તાલુકા સદસ્ય શામળભાઈ પટેલ, ધર્મેન્દ્રભાઈ, મટોડા ગામના સરપંચ સહિત સહકારી આગેવાનશ્રીઓ તાલુકા જીલ્લા સંગઠનના હોદ્દેદારો અને ખુબ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા

આર્ટ્સ અને કોમર્સ કોલેજ, માંડ્વીમાં યોજાઇ ગયેલ ઇનોવેશન કલબ અંતર્ગત વિદ્યાર્થીલક્ષી બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,

સરસ્વતી વન વિધ્યા મંડળ સંચાલિત આટર્સ& કોમર્સ કોલેજ, માંડ્વીમાં ઈનોવેશનકલબ અંતર્ગત વિદ્યાર્થીલક્ષી બે દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નો આરંભ કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનુભાઇ મકવાણા સાહેબનાં પ્રેરક ઉદબોધનથી થયો હતો. આ સમગ્રતાલીમ ઈનોવેશન કલબ કે.સી.જી અમદાવાદ દ્વારા આયોજીત કરવામાં આવી હતી. આ તાલીમમાં ટ્રેનર તરીકે શ્રી બાલાજી ભુરેસાહેબે ટેક્નોલોજીનાં નવીન ઉપકરણો વિષેની થિયરીકલ અને પ્રેક્ટિકલ જ્ઞાનવર્ધક માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. આ સમગ્રકાર્યક્રમ ઈનોવેશન કલબનાં કોર્ડિનેટર ડૉ. વિજયભાઈ પ્રજાપતિએ કર્યું હતું. આ તાલીમ કોલેજનાં સ્ટાફ પરિવારના સાથ સહકારથી સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

દેશમાં વાજબી ભાવની દુકાનો (FPS)ને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવાના પાઈલટ પ્રોજેક્ટનો પ્રારંભ

રાજ્યમાં અમદાવાદ શહેરની કુલ ૧૫ સરકાર માન્ય વાજબી ભાવની દુકાનોને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવામાં આવી



કમલમ્ ન્યુઝ,

દેશનાં ૪ રાજ્યોમાં ૬૦ વાજબી ભાવની દુકાનો (FPS) નેજન પોષણ કેન્દ્રમાં પરિવર્તિત કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ જન પોષણ કેન્દ્ર યોજનાનીશરૂઆત કરવામાં આવી છે. જેમાં ૫૦ ટકાથી વધુ પોષણયુક્ત અને પૌષ્ટિક વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથીવેપારીની આવકમાં વધારો થશે અને લોકો પોષણયુક્ત વસ્તુઓ સીધી ખરીદી શકશે તેમજ લોકોમાં પૌષ્ટિક વસ્તુઓને લઈને જાગૃતિ આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ શહેરની કુલ ૧૫ સરકારમાન્ય વાજબી ભાવની દુકાનોને જન પોષણ કેન્દ્રમાંપરિવર્તિત કરવામાંઆવી છે. આવનારા સમયમાંરાજ્યનાં વિવિધ શહેર અને જિલ્લાઓમાં પણ તબક્કાવાર જનપોષણ કેન્દ્રનોપ્રારંભ થશે. વાજબી ભાવનીદુકાનો (FPS) નેજન પોષણકેન્દ્રમાં પરિવર્તિતકરવામાં આવી છે, તેનો લાભ ગ્રાહકોનેજ નહિ દરેક દુકાનદારને પણ મળવાનો છે. એટલું જ નહીં અમૂલની પ્રોડક્ટ પણ આદુકાનમાં મળતી થશે આમ, આ યોજના અંતર્ગત દુકાનદારોનીઆવકમાં પણ વધારો થશે. ભારતના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગદ્વારા વાજબી ભાવની દુકાનો (FPS) ને 'જન પોષણ કેન્દ્ર'માં પરિવર્તિત કરવાના પાઈલટ પ્રોજેકટનો દિલ્હી ખાતેથી કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલ્હાદ જોશી દ્વારા શુભારંભ કરવામાં આવ્યો છે. અમદાવાદમાંસાબરમતીવિસ્તારમાં 'જન પોષણ કેન્દ્ર'નાઉદ્ઘાટનમાં કેન્દ્રીય મંત્રીશ્રી વર્ચ્યુઅલ માધ્યમથીજોડાયા હતા તોગુજરાત રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહજી પરમાર રૂબરૂ ઉપસ્થિતરહ્યા હતા.

જન પોષણકેન્દ્ર યોજના

ભારતસરકારના ફૂડએન્ડ પબ્લિકડિસ્ટ્રીબ્યુશન વિભાગદ્વારા ફેર પ્રાઈઝશોપ્સ (એફપીએસ)ને 'જન પોષણ કેન્દ્ર (JPK)'માં પરિવર્તિત કરવામાટે પહેલશરૂ કરીછે. આ પાઈલોટ પ્રોજેકટ હેઠળ વાજબી ભાવના દુકાનદારોની ભૌતિક માળખાકીય, નાણાકીય સ્થિરતા વધારી શકે તેવા અને વાજબી ભાવની દુકાનેથી લાભાર્થીઓને પોષક તત્ત્વોથી ભરપૂર વસ્તુઓ પૂરી પાડી શકાય તેવા 'ન્યુટ્રીશન હબ' તરીકે વિકસાવવાનો સમાવેશ થાય છે. આ વાજબી ભાવની દુકાનો ખાતેથી ઘઉં અને ચોખા સિવાય અન્ય પૌષ્ટિક ચીજવસ્તુઓ જેમ કે વિવિધ કઠોળ, દૂધ, મસાલા, ખાદ્યતેલ વગેરેનું પણ વિતરણ થઈ શકે, એ આપ્રોજેકટનો મુખ્ય ઉદ્દેશ છે.

પાઈલોટ પ્રોજેક્ટહેઠળ ચારરાજ્યોમાં પ્રારંભ

ગુજરાત, રાજસ્થાન, ઉત્તરપ્રદેશઅને તેલંગણાસ્માર્ટ- એફપીએસ સ્થાપિત કરવા માટે પસંદ કરવામાં આવ્યા છે, જેમાં ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરની કુલ ૧૫ વાજબી ભાવનીદુકાનોનોસમાવેશ કરવામાં આવ્યો છે.

અમદાવાદ શહેરની પસંદગી પામેલવાજબી ભાવનીદુકાનો વિશે

અમદાવાદ શહેરનીપસંદગી પામેલ વાજબી ભાવનીદુકાનો ખાતે રીનોવેશન કરવામાં આવ્યું છે તથા કુલ ૧૫ દુકાનો પૈકી હાલ ૭ દુકાનદારશ્રીઓ દ્વારા દુકાનોએ અમૂલની પ્રોડક્ટ્સના વેચાણ સબંધિત કામગીરી માટે ડિપોઝિટ ભરપાઈ કરી છે તથા કરારનામું કર્યું છે. અમૂલ તરફથી સબંધિત દુકાનદારોને ડીપફ્રીજ, ફ્રીજ, સાઈન બોર્ડ તથા માલસામાનપૂરો પાડવામાંઆવ્યો છે. ભારતસરકાર દ્વારાસ્મોલ ઈન્ડ્રટ્રી ડેવલોપમેન્ટ બેંક ઓફ ઈન્ડિયા (SIDBI)ના માધ્યમથી સદર ૧૫ વાજબી ભાવના દુકાનદારને દુકાનના અપગ્રેડેશન માટે રૂ.૫૦,૦૦૦ ની ગ્રાન્ટ પાઈલોટ પ્રોજેકટ હેઠળ આપવામાં આવનાર છે. ઓનલાઈન પોર્ટલપર ઓર્ડર આપનાર અમદાવાદ શહેરની વાજબીભાવની દુકાનના ૫ (પાંચ) દુકાનદારોને SIDBI દ્વારા ગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે રૂ.૨૫,૦૦૦/- તેઓના બેંક એકાઉન્ટમાં જમા કરી દેવાયાછે,જ્યારે અન્ય દુકાનદારોની કાર્યવાહી પ્રગતિમાં છે.

દુકાનદારોને મહત્તમ રૂ.૧.૫૦લાખની મર્યાદામાંસહાય અપાશે

આ યોજનાનાઅંતર્ગત ભારતસરકારના SIDBI દ્વારા મહત્તમ રૂ.૫૦,૦૦૦ની સહાય કરવામાં આવશે. દુકાનદારો આયોજનાને વધુ સારી રીતે આગળ વધારી શકે તે માટે હાલે ગુ.રા.ના.પુ. નિગમ દ્વારા સબંધિત ૧૫ દુકાનદારોનેરૂ.૧ લાખની મર્યાદામાં સહાય કરવામાં આવી રહી છે, આમ રૂ.૧.૫ લાખ સુધીની સહાય દુકાનદારોને અપાશે.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028